અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ ત્રીજ | અંક : ૧૫૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### દેશમાં કોરોના કેસોમાં સતત ચિંતાજનક વધારો

### દેશભરમાં કોરોનાગ્રસ્ત પાંચ દર્દીનાં મોત થયા, જેમાંથી કેરળમાં ૨ અને મહારાષ્ટ્ર, પુડુચેરી, તમિલનાડુમાં એક એક વ્યક્તિનું મોત નિપજ્યું

## દેશમાં ૨૨૫ દિવસ બાદ ૨૪ કલાકમાં કોરોનાના સૌથી વધારે ૭૯૭ કેસ

। નવી દિલ્હી, તા.૨૯ ।

દેશમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૮ ડિસેમ્બર સુધીમાં નવા વેરિયન્ટ જેએન.૧ના કુલ ૧૪૫ કેસો સામે આવી ચુક્યા છે. બીજીતરફ કોરોના કેસો વધતા આરોગ્ય મંત્રાલય પણ સતર્ક થઈ ગયું છે અને લોકોને ભીડથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. આરોગ્ય મંત્રાલયે આજે જણાવ્યું કે, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૯૭ નવા કેસો નોંધાયા છે, જે ૨૨૫ દિવસ બાદ સૌથી વધુ છે. અગાઉ ૧૯ મેએ દેશમાં કોરોનાના ૮૬૫ કેસ નોંધાયા હતા. હાલ સક્રિય કેસોની સંખ્યા ૪૦૯૧ છે. મંત્રાલય દ્વારા આજે સવારે ૮ કલાકે અપાયેલા ડેટા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૫ કોરોનાગ્રસ્ત દર્દીઓના મોત થયા છે, જેમાંથી કેરળમાં ૨ અને મહારાષ્ટ્ર, પુડુચેરી, તમિલનાડુમાં ૧-૧નું મોત નિપજ્યું છે. દેશમાં જેએન.૧ સબ-વેરિયન્ટનો પ્રથમ કેસ ઓગસ્ટમાં સામે આવ્યો હતો. નવો વેરિયન્ટ ઓમિક્રોનનો સબ-વેરિયન્ટ બીએ.૨.૮૬માંથી ઉદભવ્યો છે. ૨૦૨૨ની શરૂઆતમાં કોરોના કેસોમાં વધારો થવાનું મુખ્યકારણ બીએ.૨.૮૬ જ હતો. બીએ.૨.૮૬ વધુ ફેલાયો ન હતો, પરંતુ તેને નિષ્ણાંતોની ચિંતા વધારી દીધી હતી, કારણ કે, બીએ.૨.૮૬માં સ્પાઈક પ્રોટીન પર વધારાના પરિવર્તનો થયા હતા અને તેની જેમ જેએન.૧ના સ્પાઈક પ્રોટીનમાં પણ એક વધારાનું પરિવર્તન થયું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, વિશ્વસ્તરે કેસોમાં વધારો થાય બાદ સામે આવ્યું છે કે, જેએન.૧ ઓમિક્રોનું સબ-વેરિયન્ટ છે, જે મજબૂત ઈમ્યૂનિટી ધરાવતા લોકોને પણ સરળતાથી સંક્રમિત કરી શકે છે.

### યૂએસ સેન્ટર ફોર ડિજીઝ કંટ્રોલ (સીડીસી)એ નવા વેરિયન્ટને ઝડપી ફેલાતો હોવાનો ખુલાસો કર્યો છે



સીડીસીના જણાવ્યા મુજબ કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧થી પીડિત દર્દીમાં તાવ, ઠંડી લાગવી, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, થાક, માથું દુઃખવું, સ્નાયુમાં દુઃખાવો, સ્વાદ અથવા ગંધ પારખવામાં સમસ્યા, ગળામાં ખરાશ, નાક વહેવું, ઉબકા, ઉલટી અને ઝાડા જેવા લક્ષણો જોવા મળે છે. જોકે કેટલાક કેસોમાં લક્ષણો દર્દીની ઈમ્યૂનિટી પર નિર્ભર છે. નવા વેરિયન્ટમાં ચોંકાવનારી બાબત સામે આવી છે કે, સ્વસ્થ થવા છતાં દર્દીમાં લક્ષણો યથાવત્ રહે છે, જેમાં માથું દુઃખું, થાક લાગવો, શ્વાસની સમસ્યા સામેલ છે. ડોક્ટરોનું કહેવું છે કે, ઓછામાં ઓછા ૪થી ૬ અઠવાડિયા બાદ દર્દી આ લક્ષણોમાંથી બહાર આવે છે.

### ન્યૂઝ બ્રિફ

### પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકારણ ગરમાઈ રહ્યું છે. પીએમ મોદીને હરાવવા માટે ૨૮ દળો દ્વારા રચાયેલા ઈન્ડિયાગઠબંધનમાં અત્યાર સુધી સીટ વહેંચણી મુદ્દે કોઈપણ પ્રકારની સમજૂતી થતી દેખાઈ નથી. ત્યારે આ સૌની વચ્ચે મમતા બેનર્જીએ સૌને ચોંકાવતા અને ગઠબંધનના સાથીઓને મોટો ઝટકો આપતાં કહ્યું છે કે બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ 'એકલા ચાલો રે...' નીતિ અપનાવશે. તે કોઈની સાથે ગઠબંધન નહીં કરે. તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ અને પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના ચકલામાં કાર્યકરોના સંમેલન તથા એક રેલીને સંબોધતાં લોકસભા માટે ચૂંટણી અભિયાનનો આરંભ કર્યો હતો.

### અદાણીની નવ કંપનીઓમાંથી આઠના શેરમાં વધારો

## સેન્સેક્સમાં ૧૭૦, નિફ્ટીમાં ૪૭ પોઈન્ટનો કડાકો નોંધાયો

### નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં વધારો

। મુંબઈ, તા.૨૯ ।

શેરબજારનો કારોબાર શુક્રવારે નબળાઈ સાથે સમાપ્ત થયો. વર્તમાન કેલેન્ડર વર્ષના અંતિમ દિવસે બીએસઈસેન્સેક્સ ૧૭૦ પોઈન્ટની નબળાઈ સાથે ૭૨,૨૪૦ ના સ્તરે બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૪૭ પોઈન્ટની નબળાઈ સાથે ૨૧૭૩૧ ના સ્તરે બંધ થયો હતો. વર્તમાન કેલેન્ડર વર્ષના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં થોડી નબળાઈ નોંધાઈ હતી અને સેન્સેક્સ-નિફ્ટી નબળાઈ પર બંધ થયા હતા. શુક્રવારે સેન્સેક્સમાં નબળાઈ જોવા મળી હતી, જ્યારે નિફ્ટી પણ નબળાઈ સાથે કામ કરી રહ્યો હતો. શુક્રવારે, નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં વધારો નોંધાયો



હતો જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક નબળાઈ પર કામ કરી રહ્યા હતા. શેરબજારમાં વધતા શેરોમાં ટાટા કન્ઝ્યુમર, ટાટા મોટર્સ, બજાજ ઓટો અને આઈશર મોટર્સના શેરો હતા, જ્યારે ખોટ કરતી કંપનીઓમાં બીપીસીએલ, ઓએનજીસી, એસબીઆઈઅને કોલ ઈન્ડિયાના શેરનો સમાવેશ થાય છે. આઈઆઈએફએલ સિક્યોરિટીઝના ડિરેક્ટર સંજીવ ભસિને કહ્યું છે કે જો તમે શેરબજારમાં રોકાણ કરીને કમાણી કરવા માંગતા હોવ તો તમારે આઈડીએફસીફર્સ્ટ બેંકના શેર ટાળવા જોઈએ. આમાં નબળાઈના સંકેતો છે. તેના બદલે, તમે ડીસીબીબેંક અને SW સોલરના શેર પર દાવ લગાવી શકો છો. જો આપણે શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, ડોડલા ડેરી, જેન્સોલ એન્જિનિયરિંગ, અશોક લેલેન્ડ, સીએમએસ ઈન્ફો સિસ્ટમ્સ, ગેટવે ડિસ્ટ્રીપાર્ક્સ, ગાર્ડન રીચ શિપ બિલ્ડર, ફિનોલેક્સ કેબલ, કોરોમંડલ ઈન્ટરનેશનલ, મહિન્દ્રા હોલિડેઝ, ફેડરલ બેંક, પીડિલાઈટ. ઈન્ડસ્ટ્રીઝ, યુનિ પાર્ટસ ઈન્ડિયાના શેરમાં ઉછાળો હતો.

### રામમંદિર કાર્યક્રમમાં કોંગી નેતાઓની હાજરીને લઈ અવઢવ

## ખડગે, સોનિયા, રાહુલની હાજરી પર કોંગ્રેસે નિર્ણય નથી લીધો

### કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે અયોધ્યા જવાના પ્રશ્ન પર ટ્રસ્ટના આમંત્રણ માટે આભાર વ્યક્ત કર્યો

। અયોધ્યા, તા.૨૯ ।

અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાની તારીખ જેમ નજીક આવી રહી છે તેમ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૨૨ જાન્યુઆરીએ યોજાનારા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહેશે. સાથે ત્રણ હજાર વીવીઆઈપીને આમંત્રણ મોકવામાં આવ્યું છે. ત્યારે એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને રામ મંદિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જોડાવવા પર હજુ કોઈ નિર્ણય લીધો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીને રામલલાની પ્રાણ



પ્રતિષ્ઠાના કાર્યક્રમ માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે. પરંતુ આ કાર્યક્રમમાં હાજરી આપવા નિર્ણય લેવામાં આવશે અને યોગ્ય સમયે જાણ પણ કરવામાં આવશે.રામ મંદિર જન્મભૂમિ સાથે સંકળાયેલા ટ્રસ્ટે તાજેતરમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી રાહુલ ગાંધી અને લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીને આમંત્રણ મોકલ્યું હતું.









### ધુમ્મસને લીધે ઉ.ભારતમાં ટ્રેન-વિમાન સેવાને અસર

। નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી સાથે ગાઢ ધુમ્મસનો કેર હજુ પણ યથાવત છે જેના પગલે આજે પણ ઘણી ટ્રેન મોડી દોડી રહી છે તેમજ અનેક ફ્લાઈટ્સમાં ડાયવર્ટ કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. નોઈડા સહિત સમગ્ર ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી છે. દેશની રાજધાની દિલ્હી અને તેની આસપાસના જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ છે, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે આગામી ૫ દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરી છે.




### ન્યુઝ બોક્ષ

## ભારત-ફિલિપાઈન્સ નૌસેનાની ક્વાયતથી પાડોશી ચીન ભડક્યું



। બેઈજિંગ, તા.૨૯ ।

વિવાદિત દક્ષિણ ચીન સાગરમાં ભારત અને ફિલિપાઈન્સની નેવીના સૈન્ય અભ્યાસથી ચીનના પેટમાં તેલ રેડાયું હતું. આ અંગે નારાજ ચીને એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે વિવિધ દેશો વચ્ચેના સંરક્ષણ સહયોગને લીધે ત્રીજા દેશોના હિત અને ક્ષેત્રીય શાંતિને નુકસાન ન થવું જોઈએ. ચીને ભારતીય નૌકાદળના જહાજો અને ફિલિપાઈન્સના નૌકાદળના જહાજો વચ્ચેની નેવીના સૈન્ય અભ્યાસ અને ફ્રાન્સની નેવી સાથે ફિલિપાઈન્સના પ્રસ્તાવિત હવાઈ અભ્યાસ પર સવાલો ઉઠાવ્યા છે. ચીનના સત્તાવાર મીડિયાના એક પ્રશ્નના જવાબમાં ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા વરિષ્ઠ કર્નલ વુ કીયાને કહ્યું કે ચીને આ મામલે ગંભીરતા દાખવી છે. ચીને હંમેશા એ વાત પર ભાર મૂક્યો છે કે સંબંધિત દેશો વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સહયોગ થર્ડ પાર્ટીના હિતોને નુકસાન ન પહોંચાડે અથવા પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને નુકસાન ન પહોંચાડે. ખરેખર ફિલિપાઈન્સ અને અન્ય દેશો વચ્ચેના સૈન્ય સહયોગને લઈને ચીન અનેકવાર અકળાઈ જાય છે. ફિલિપાઈન્સ અને ચીનની નેવી વિવાદિત દક્ષિણ ચીન સાગરના ભાગો પર પોતપોતાના દાવા કરે છે.

## સરકારે ૯ ક્રિપ્ટો એક્ષચેન્જને શો કોઝ નોટિસ ફટકારી



। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય નાણા મંત્રાલય એ ક્રિપ્ટો એક્સચેન્જ ઓપરેટર બિનાન્સસહિત ૯ ઓફશોર વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ સર્વિસ પ્રોવાઈડર્સને શો કોઝ નોટિસ ફટકારી છે. આ ઉપરાંત આઈટીમિનિસ્ટ્રીને પણ કહ્યું છે કે સ્થાનિક મની લોન્ડરિંગ કાયદાનું પાલન કર્યા વિના દેશમાં ગેરકાયદે રીતે ચાલતા આ પ્લેટફોર્મના યુઆરએલ (યુઆરએલ) બ્લોક કરી દેવામાં આવે. કુલ ૯ ક્રિપ્ટો એક્સચેન્જને આ નોટિસ મોકલવામાં આવી છે જેમાં બિનાન્સ, ક્યુકોઈન, હ્યુઓબી, ક્રકેન, ગેટ.આઈઓ, બિટ્રેક્સ, બિટસ્ટેમ્પ, એમઈએક્સસી ગ્લોબલઅને બિટફિનક્સનો સમાવેશ થાય છે. ૨૮ ડિસેમ્બરે એક નિવેદનમાં નાણા મંત્રાલયે કહ્યું કે ઓફશોર અને ઓનશોર વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ સર્વિસ પ્રોવાઈડર ભારતમાં કામ કરી રહ્યા છે.

## સરેમાં હિંદુ ઉધોગપતિના ઘર ઉપર ૧૧ રાઉન્ડ ગોળીબાર




। ટોરેન્ટો, તા.૨૯ ।

કેનેડાના બ્રિટિશ કોલંબિયાના સરેમાં એક અગ્રણી હિન્દુ ઉદ્યોગપતિના ઘરે અંધાધૂંધ ફાયરિંગની ઘટના બની છે. અહેવાલ અનુસાર આ ઘટના ૨૭ ડિસેમ્બરે સવારે ૮ વાગ્યે બની હતી. સરે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (આરસીએમપી)ના નિવેદન અનુસાર જે બિઝનેસમેનના ઘરે ગોળીબાર થયો હતો તે સરેમાં લક્ષ્મી નારાયણ મંદિરના પ્રમુખ સતીશ કુમારનો મોટો પુત્ર છે. સતીશ કુમારે જણાવ્યું કે તેમના ઘર પર ૧૧ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જોકે હુમલામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. ગત મહિને ખાલિસ્તાની સમર્થકોએ લક્ષ્મી નારાયણ મંદિરમાં હિન્દુઓને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. ખરેખર જ્યારે ભારતીય દૂતાવાસના અધિકારીઓ મંદિરે આવ્યા હતા ત્યારે શીખ ફોર જસ્ટિસના સમર્થકોએ ત્યાં હોબાળો મચાવ્યો હતો. ત્યારે મંદિરના પ્રમુખ સતીશ કુમારે કહ્યું હતું કે ખાલિસ્તાની સમર્થકોની સંખ્યા ૨૫ હતી અને હિંદુ મંદિરમાં ૨૦૦ લોકો હતા તેથી મામલો થાળે પડી ગયો હતો. આ ઘટનાના એક મહિના બાદ સતીશ કુમારના મોટા પુત્રના ઘરે ફાયરિંગ થયું હતું.

### ભારત દ.આફ્રિકા સામે પ્રથમ ટેસ્ટ હાર્યું

# સાઉથ આફ્રિકા સામેની હાર બાદ ભારત ટેસ્ટ રેન્કિંગમાં પાંચમા સ્થાને

### સાઉથ આફ્રિકાની ટીમ ૮મા સ્થાનેથી નંબર.૧ પર પહોંચી હતી

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય ક્રિકેટ ટીમને સાઉથ આફ્રિકા સામેની બે મેચની ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં ૩૨ રને હરાવી હતી ૨ મેચની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી. આ ટેસ્ટ મેચ પહેલા ભારત ડબલ્યુટીસીપોઈન્ટ ટેબલમાં નંબર વન પર હતું. આ હાર પછી ટીમ ઈન્ડિયા આઈસીસીવર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૫ પોઈન્ટ ટેબલમાં ૫માં સ્થાને પહોંચી ગઈ છે. જયારે સાઉથ આફ્રિકાની ટીમ ૮માં સ્થાનેથી નંબર વન પર પહોંચી ગઈ છે. ભારતીય ક્રિકેટ ટીમે ડબલ્યુટીસીમાં અત્યાર સુધીમાં ૩ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેણે એક ટેસ્ટ જીતી છે, એક ટેસ્ટ હારી છે અને એક ટેસ્ટ ડ્રો થઈ છે. સાઉથ આફ્રિકાએ એક ટેસ્ટ મેચ રમી અને તે જીતી. સાઉથ આફ્રિકાની ટીમ નંબર વન પર છે.




જ્યારે પાકિસ્તાનની ક્રિકેટ ટીમ બીજા નંબરે છે. પાકિસ્તાને ૩માંથી ૨ ટેસ્ટ જીતી છે જ્યારે એકમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. આ યાદીમાં ન્યુઝીલેન્ડની ટીમ ત્રીજા સ્થાને છે.

કિવી ટીમે ૨ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેણે એક જીતી છે અને બીજી હારી છે. બાંગ્લાદેશની ટીમે બેમાંથી એક ટેસ્ટ જીતી છે અને તે પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે જ્યારે ટીમ ઈન્ડિયા બાંગ્લાદેશથી નીચે પાંચમા સ્થાન પર છે.

આ પછી ઓસ્ટ્રેલિયા, વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડ અને શ્રીલંકા આવે છે. આઈસીસીટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ, ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધીમાં મહત્તમ ૬ ટેસ્ટ મેચ રમી છે, જેમાં ૩ મેચમાં જીત, ૨ મેચમાં હાર અને એક ટેસ્ટ ડ્રો રહી છે.

### વધુ એક ક્રિકેટરની રાજકારણમાં એન્ટ્રી

# અંબાતી રાયડૂ જગમોહનના વાયએસઆરમાં જોડાઈ ગયો

### ક્રિકેટની તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ બાદ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીની પાર્ટી વાયએસઆરમાં વિધિવત રીતે પ્રવેશ

। અમરાવતી, તા.૨૯ ।

ભારતીય ટીમની પૂર્વ ક્રિકેટર અંબાતી રાયડુ રાજકારણની પીચ પર એન્ટ્રી કરતા આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીની પાર્ટી વાયએસઆરમાં જોડાઈ ગયા છે. ૩૭ વર્ષીય પૂર્વ ક્રિકેટરે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધા બાદ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીની પાર્ટી યુવા શ્રમિક રાયથુ કોંગ્રેસ પાર્ટી (વાયએસઆર)માં વિધિવત રીતે જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે અંબાતી રાયડુ આ વર્ષે જૂનમાં આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીને મળ્યા હતા, ત્યારે જગન મોહન રેડ્ડી ઈચ્છતા હતા કે રાયડુ આગામી ચૂંટણી લડે, પરંતુ હજુ સુધી એ નક્કી નથી થયું કે તેમને લોકસભા ચૂંટણી માટે ટિકિટ ક્યાંથી મળશે. જો રાયડુ લોકસભા ચૂંટણી લડે છે તો તેને માછલીપટ્ટનમથી ટિકિટ આપવામાં આવી શકે છે, જો કે, આ અંગે પક્ષ દ્વારા નિર્ણય બાદમાં લેવામાં આવશે.





અંબાતી રાયડુએ ભારત માટે રમતા ૫૫ વનડેમાં ૪૫.૦૫ની એવરેજથી કુલ ૧,૬૯૪ રન બનાવ્યા છે જેમાં હાઈએસ્ટ સ્કોર ૧૨૪ અણનમ રનનો રહ્યો છે. તેમણે વનડેમાં ૩ સદી અને ૧૦ ફિફ્ટી પણ ફટકારી છે. ટી-૨૦ કરિયરની વાત કરીએ તો તેમણે ૬ મેચમાં ૧૦.૫૦ની એવરેજથી માત્ર ૪૨ રન બનાવ્યા હતા. આ ઉપરાંત ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૯૭ મેચમાં ૬,૧૫૧ રન કર્યા છે. રાયડુએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૩ મેચમાં ૨૮.૦૫ની એવરજેથી ૪૩૪૮ રન બનાવ્યા હતા.

### ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા

# રામમંદિર અને અબુધાબી મંદિરના ઉદ્‌ઘાટન બાદ ચૂંટણી થશે : થરૂર

। નવી દિલ્હી, તા.૨૯ ।

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયા બાદ હવે ૨૦૨૪ની ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે જેને લઈને રાજકારણ ગરમાયું છે અને સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ આ મુદે એકબીજાને ઘેરી રહ્યા છે ત્યારે હવે કોંગ્રેસના સાંસદ શશી થરૂરે રામ મંદિરને લઈને ભાજપ અને નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. શશી થરૂરે અયોધ્યમાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા અને તેના થોડાક દિવસ બાદ ફેબ્રુઆરીમાં અબુ ધાબીમાં બાપ્સહિન્દુ મંદિરના ઉદ્ઘાટનને લઈને કહ્યું છે કે આ બંને આયોજન ૨૦૨૪ની ચૂંટણીનો તખ્તો



તૈયાર કરશે. તેમણે આગાહી કરતા કહ્યું કે આ પછી ટૂંક સમયમાં જ લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવશે. આ સિવાય થરૂરે કહ્યું કે નરેન્દ્ર મોદી ૨૦૨૪ માટે સંદેશ આપવા માંગે છે કે તેઓ હિન્દુ હ્દય સમ્રાટ છે પરંતુ તેમણે સવાલો કર્યા હતા કે 'અચ્છે દિન'નું શું થયું? દર વર્ષે ૨ કરોડ નોકરીઓનું શું થયું? આર્થિક વિકાસનું શું થયું, દરેકને ૧૫ લાખ રૂપિયા આપવાનું શું થયું?

### પરાજય બાદ ભારતીય ટીમને વધુ એક આંચકો

# ભારતીય ક્રિકેટ ટીમના વર્લ્ડ ચેમ્પિયનશીપમાં બે પોઈન્ટ કપાયા

। સેન્ચુરિયન, તા.૨૯ ।

સેન્ચુરિયનમાં દક્ષિણ આફ્રિકા સામેની કારમી હાર બાદ આઈસીસીએ ભારતને વધુ એક ઝટકો આપ્યો છે. સ્લો ઓવર રેટના કારણે ટીમ ઈન્ડિયા પર ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકા સામે નિર્ધારિત સમય કરતાં બે ઓવર ઓછી બોલિંગ કરવા બદલ રોહિત શર્માની ટીમના બે મહત્વપૂર્ણ આઈસીસીવર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ કાપવામાં આવ્યા છે, જ્યારે ખેલાડીઓને મેચ ફીના ૧૦ ટકા દંડ પણ ફટકારવામાં આવ્યો છે. અમિરાત આઈસીસી એલિટ પેનલ ઓફ મેચ રેફરી ક્રિસ બ્રોડે જણાવ્યું હતું કે ટાર્ગેટથી બે ઓવર ઓછા ઓવર પાછળ રહ્યા બાદ આ સજા આપવામાં આવી હતી. ખેલાડીઓ




અને ખેલાડી સહાયક કર્મચારીઓ માટેની આસીસીકોડ ઓફ કન્ડક્ટની કલમ ૨.૨૨ અનુસાર, જે ન્યૂનતમ ઓવર-રેટના ગુનાઓ સંબંધિત કામ કરે છે, ખેલાડીઓને દરેક ઓવર માટે તેમની મેચ ફીના ૫ ટકા દંડ કરવામાં આવ્યો હતો કારણ કે તેઓ આપેલા સમયમાં બોલ કરવામાં નિષ્ફળ ગયા હતા. સાઉથ આફ્રિકા સામેની હાર બાદ ભારત ૧૬ પોઈન્ટ સાથે ૫માં સ્થાને હતું. જો કે, હવે સ્લો ઓવર રેટના કારણે પોઈન્ટ કપાયા બાદ ભારત ઓસ્ટ્રેલિયાથી નીચે છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે. ભારતના ખાતામાં હાલ ૧૪ પોઈન્ટ છે. સાઉથ આફ્રિકા સામે સેન્ચુરિયન ટેસ્ટમાં ભારતને એક ઈનિંગ્સ અને ૩૨ રને હારનો સામનો કરવો પડ્યો હતો. સાઉથ આફ્રિકાની ધરતી પર ટીમ ઈન્ડિયાની આ અત્યાર સુધીની સૌથી મોટી હાર છે. પ્રથમ બેટિંગ કરતા ભારતે કેએલ રાહુલની સદીના આધારે બોર્ડ પર ૨૪૫ રન બનાવ્યા હતા, આ સ્કોર સામે યજમાન ટીમે ડીન એલ્ગરની ૧૮૬ રનની ઈનિંગના આધારે ૪૦૮ રન બનાવ્યા હતા. ભારત બીજા દાવમાં ૧૩૧ રન પર જ સિમિત રહ્યું હતું. વિરાટ કોહલી સિવાય તમામ બેટ્સમેનો નિષ્ફળ સાબિત થયા હતા.



નવી દિલ્હીમાં બારાપુલ્લા ફ્લાયઓવર પર ધુમ્મસનું વાતાવરણ સર્જાયું હતું.

# ભારતે પેલેસ્ટિની શરણાર્થીઓ માટે ૨૦ કરોડ રૂપિયા આપ્યા

। નવી દિલ્હી, તા.૨૯ ।

ગાઝા અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધ દરમિયાન ભારતે પેલેસ્ટિની નાગરિકોની મદદ માટે ૨૫ લાખ ડૉલર (આશરે ૨૦ કરોડ) રૂપિયા આપ્યા છે. આ ભારત વતી અપાતી ૫૦ લાખ ડૉલરની વાર્ષિક મદદની અડધી રકમ છે. ભારત આ રકમ સંયુક્ત રાષ્ટ્ર વતી પેલેસ્ટિની શરણાર્થીઓના રાહત અને કલ્યાણ માટે ચલાવાઈ રહેલા કામકાજ માટે આપે છે. પેલેસ્ટિની શરણાર્થીઓ માટે સંયુક્ત-રાષ્ટ્ર ૧૯૫૦થી કાર્યક્રમ ચલાવી રહ્યો છે. તેના માટે સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશો



પોતાની ઈચ્છાથી સહયોગની રકમ આપે છે. અગાઉ નવેમ્બરમાં ભારત સરકારે સહાયતાની રકમ ૨૫ લાખ ડૉલરનો પહેલો હપ્તો ચૂકવ્યો હતો. ૭ ઓક્ટોબરે યુદ્ધ શરૂ થયા બાદથી ગાઝામાં સંયુક્ત રાષ્ટ્રના કાર્યક્રમ સામે અવરોધ પેદા થયા. આ કામકાજ કરવામાં વ્યસ્ત ૧૩૦થી વધુ કર્મચારીઓ માર્યા ગયા.

### સીઆઈએસએફની કમાન દમદાર મહિલાને

# નીના સિંહ સીઆઈએસએફના નવા ડાયરેક્ટર જનરલ બન્યા

### સીઆઈએસએફ(ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ)ના ડાયરેક્ટર જનરલ તરીકે નિયુક્ત થનારા નીના સિંહ પ્રથમ આઈપીએસ મહિલા અધિકારી

। નવી દિલ્હી, તા.૨૯ ।

પહેલીવાર સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ)ની કમાન એક દમદાર મહિલા અધિકારીને સોંપવામાં આવી છે. પોલીસ વિભાગ સહિત અનેક તપાસ એજન્સીઓમાં મહત્વના પદો પર રહી ચૂકેલા નીના સિંહને હવે સીઆઈએસએફના નવા ડાયરેક્ટર જનરલ (ડીજી) બનાવવામાં આવ્યા છે.

રાજસ્થાન કેડરના ૧૯૮૯ બેચના આઈપીએસઅધિકારી નીના સિંહે પણ નીરવ મોદી કૌભાંડની તપાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે નોબેલ વિજેતાઓ સાથે પુસ્તકો પણ લખ્યા છે. કેન્દ્રની મોદી સરકારે રાજસ્થાન કેડરના વરિષ્ઠ આઈપીએસઅધિકારી નીના સિંહને સીઆઈએસએફની જવાબદારી સોંપી છે. સીઆઈએસએફના ડાયરેક્ટર



જનરલ (ડીજી) તરીકે નિયુક્ત થનારા તે પ્રથમ આઈપીએસ મહિલા અધિકારી છે. હવે દિલ્હી મેટ્રો અને એરપોર્ટની સુરક્ષાની જવાબદારી તેમના ખભા પર રહેશે. ૨૦૨૧ થી સીઆઈએસએફમાં કાર્યરત નીના સિંહ ૩૧ જુલાઈ ૨૦૨૪ સુધી ડીજીના પદ પર રહેશે.

કોરોના મહામારી દરમિયાન, તેમણે રાજસ્થાન આરોગ્ય વિભાગમાં મુખ્ય સચિવની જવાબદારી સંભાળી હતી. નીના સિંહ નવી દિલ્હીમાં કેન્દ્ર સરકારની મુખ્ય તપાસ એજન્સી સીબીઆઈમાં જોઈન્ટ ડાયરેક્ટર તરીકે પણ કામ કરી ચૂક્યાં છે.

જ્યારે તે સીબીઆઈમાં હતા ત્યારે તેમણે પીએનબી બેંક કૌભાંડ અને નીરવ મોદી કેસમાં ઘણા ખુલાસા કર્યા હતા. IPS અધિકારી નીના સિંહ બિહારના વતની છે, તેમણે પટના મહિલા કોલેજ અને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. તેણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી. પોલીસ વિભાગમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ તેમને મોસ્ટ એક્સેલન્ટ સર્વિસ મેડલ (AUSM) પણ એનાયત કરવામાં આવ્યા હતો. પુસ્તકો લખવામાં પણ તેમને ભારે રસ છે. તેમણે નોબેલ પુરસ્કાર વિજેતા અભિજીત બેનર્જી અને એસ્થર ડુફ્લો સાથે બે સંશોધન પત્રોમાં સહ-લેખન કર્યું છે.

### ઓક્ટોબર ૨૦૨૧થી ૯૬ લાખ ફાઈલો દૂર કરાઈ

# કેન્દ્રએ ભંગાર વેચીને ૧૧૬૩ કરોડની કમાણી કરી લીધી

### કેન્દ્ર સરકારે ભંગાર ફાઈલો, ખવાઈ ગયેલા ઓફિસના સાધનો અને જૂના વાહનો વેચીને કમાણી કરી લીધી હતી

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતનું ત્રીજું ચંદ્રયાન મિશન ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડ થતા સફળ થયું હતું. ચંદ્રયાન-૩નું લેન્ડર દક્ષિણ ધ્રુવ પર ઉતર્યું હતું અને તે સાથે જ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કરવામાં ભારત પ્રથમ દેશ બન્યો હતો. આ સમગ્ર મિશનનો ખર્ચ લગભગ ૬૦૦ કરોડ રૂપિયા થયો હતો. જો કે કેન્દ્ર સરકારે સ્ક્રેપ વેચીને કોરોડની કમાણી કરી લીધી છે. કેન્દ્ર સરકારે ભંગાર ફાઈલો, ખવાઈ ગયેલા ઓફિસના સાધનો અને જૂના વાહનો વેચીને ચંદ્રયાન-૩ જેવા બે મિશનની કિંમત જેટલી રકમ એકત્ર કરી લીધી છે. સરકારે ઓક્ટોબર ૨૦૨૧થી અત્યાર સુધીમાં સ્ક્રેપ વેચીને અંદાજે રૂપિયા ૧,૧૬૩ કરોડની કમાણી કરી છે જ્યારે આ વર્ષે સરકારે માત્ર ઓક્ટોબર મહિનામાં જ રૂપિયા૫૫૭કરોડનીકમાણીકરીછે.આરીતે સરકારે માત્ર ભંગાર વેચીને ૧૨૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે.



તાજેતરના સરકારી અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકારની કચેરીઓમાં ઓક્ટોબર ૨૦૨૧થી ૯૬ લાખ ફિઝિકલ ફાઈલોને દૂર કરવામાં આવી છે અને કચેરીઓમાં લગભગ ૩૫૫ ચોરસ ફૂટ જગ્યા ખાલી કરવામાં આવી છે જેને કારણે ખાલી જગ્યાનો ઉપયોગ મનોરંજન કેન્દ્રો તેમજ અન્ય ઉપયોગી હેતુઓ માટે થઈ રહ્યો છે. જે ફાઈલો દૂર કરવામાં આવી છે તેની તમામ વિગતો પહેલેથી જ કમ્પ્યુટર પર અપલોડ કરવામાં આવી છે. અંતરીક્ષ રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે રશિયન મૂન મિશનનો ખર્ચ લગભગ ૧૬,૦૦૦ કરોડ રૂપિયા હતો.

## તંત્રી લેખ...

# જમ્મુ-કાશ્મીરની સાથે દેશના બાકી હિસ્સામાં પણ એવાં કેટલાંય સંગઠનો છે

કટ્ટરપંથી મસર્રત આલમના વડપણ હેઠળના અલગતાવાદી સંગઠન મુસ્લિમ લીગ જમ્મુ-કશ્મીરને ગેરકાનૂની જાહેર કરવાના સરકારના નિર્ણયથી એ ખબર પડે છે કે આ રાજ્યમાં કઈ રીતે અલગતાવાદને ઉત્તેજન આપતાં તત્ત્વો સક્રિય છે. આ અલગતાવાદી સંગઠનને એટલા માટે પ્રતિબંધિત કરવામાં આવ્યું, કારણ કે તેના સદસ્યો રાષ્ટ્રવિરોધી કૃત્યોમાં સામેલ હોવાની સાથે આતંકી ગતિવિધિઓનું સમર્થન કરી રહ્યા હતા. તે ઉપરાંત તેઓ લોકોને જમ્મુ-કાશ્મીરમાં ઈસ્લામી શાસન સ્થાપિત કરવા માટે પણ ઉશ્કેરી રહ્યા હતા. મસર્રત આલમ જેહાદી માનસિકતા ધરાવતો કટ્ટરપંથી આતંકી છે. હાલમાં તે જેલમાં સબડે છે, પરંતુ એક સમયે તે કાશ્મીર ઘાટીમાં અશાંતિ ફેલાવવાનું કામ કરતો હતો અને કાયદો અને વ્યવસ્થાને ખુલ્લો પડકાર ફેંકતો હતો. ૨૦૧૦માં તેણે કાશ્મીરમાં હિંસક પ્રદર્શનોની આગેવાની કરી હતી. આ પ્રદર્શનોમાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા. મસર્રત આલમ પાકિસ્તાનની ભાષા બોલનારી હુર્રિયત કોન્ફરન્સનો નેતા પણ રહી ચૂક્યો છે. તેમ છતાં જ્યારે મેહબૂબા મુફ્તી જમ્મુ-કાશ્મીરનાં મુખ્યમંત્રી હતાં ત્યારે તેમણે તેને છોડી મૂકવાની પહેલ કરી હતી. એ ચિંતાજનક છે કે હજુ પણ કાશ્મીરમાં ખૂલ્લેઆમ કે છૂપી રીતે પાકિસ્તાનની ભાષા બોલનારા અને અલગતાવાદ અને આતંકની તરફદારી કરનારાં તત્ત્વોની ઉણપ નથી. ગત દિવસોમાં નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લાએ કહ્યું હતું કે જો ભારત-પાકિસ્તાનમાં વાતચીત નહીં થાય તો કાશ્મીરની હાલત પણ ગાઝા જેવી થઈ શકે છે. આ દરેક દૃષ્ટિએ વાંધાજનક અને ભડકાઉ નિવેદન હતું. જમ્મુ-કાશ્મીરની સાથે દેશના બાકી હિસ્સામાં પણ એવાં કેટલાંય સંગઠનો છે, જેવું મસર્રત આલમે બનાવેલું હતું. આ પ્રકારનાં સંગઠનોમાં એક પોપ્યુલર ફ્રંટ ઓફ ઈન્ડિયા એટલે કે પીએફઆઈ પણ હતું. તેને પણ પ્રતિબંધિત કરી દેવાયું છે, પરંતુ તેના સદસ્યો પર હજુ સંપૂર્ણ લગામ નથી લગાવી શકાઈ. તેનું પ્રમાણ છે કે રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે એનઆઈએ દ્વારા તેના સદસ્યોની જ્યારે-ત્યારે ધરપકડના સમાચારો આવતા જ રહે છે. આ ધરપકડો એટલા માટે થતી રહે છે, કારણ કે પીએફઆઈના કેટલાય સદસ્યો ગુપચુપ રીતે અલગતા અને આતંકવાદને ઉત્તેજન આપવામાં સંડોવાયેલા જોવા મળે છે. આ એ જ સંગઠન છે જે ભારતને ઈસ્લામી દેશ બનાવવા માટે સક્રિય હતું. જ્યારે અલગાવ અથવા આતંકની તરફદારી કરનાર અને રાષ્ટ્રીય હિતો વિરુદ્ધ કામ કરનાર કોઈ સંગઠનને પ્રતિબંધિત કરવામાં આવે છે તો તેની સદસ્યતા લેવી અને તેના માટે નાણાં એકત્ર કરવાં ગેરકાયદે થઈ જાય છે. દુર્ભાગ્યે એવાં કેટલાંય સંગઠનોને જ્યાં સુધી પ્રતિબંધિત કરવામાં આવે છે, ત્યાં સુધી તે પોતાનું નેટવર્ક વ્યાપક અને સશક્ત બનાવી લે છે. તેને કારણે તેના સદસ્યોની ગતિવિધિઓ પર નજર રાખવી કઠિન થઈ જાય છે. સ્પષ્ટ છે કે દેશવિરોધી સંગઠનો પર પ્રતિબંધ લગાવવો જ પર્યાપ્ત નથી. તેની સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે એવાં સંગઠનોના સદસ્યો ગુપ્ત રીતે પોતાની ગતિવિધિઓ ચાલુ ન રાખી શકે.

# વાસ્તવિક ગુનો ઓનલાઈન લોન આપનારાઓની નિર્દયતા છે

સરકારે નકલી લોન એપ અને સટ્ટાબાજીની એપ પર મોટો નિર્ણય લીધો છે. આ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે. મંગળવારે મંત્રાલયે ગેરકાયદે લોન એપ્સ અને સટ્ટાબાજીની એપ્સને દૂર કરવા માટે સૂચનાઓ જાહેર કરી છે. કેન્દ્રીય IT મંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે અમે નકલી લોન એપ્સની જાહેરાતો રોકવા પર કામ કરી રહ્યા છીએ. આવી નકલી લોન એપ્સની જાહેરાતો ઘણા પ્લેટફોર્મ પર દેખાય છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે RBIને KYC પ્રક્રિયાને બેંકો માટે વધુ વ્યાપક બનાવવા વિનંતી કરી છે. આ પ્રસ્તાવિત KYC પ્રક્રિયાને 'Know Your Digital Finance App' (KYDFA) નામ આપવામાં આવ્યું છે. તાજેતરના સમયમાં, નકલી લોન એપ્સનું નેટવર્ક ઘણું ફેલાઈ ગયું છે. જે લોકો આવી એપ્સનો શિકાર બને છે તેઓ માત્ર દેવાની જાળમાં ફસાઈ જતા નથી પરંતુ ઘણા કિસ્સામાં પીડિતોએ આત્મહત્યા પણ કરી લીધી છે. આ મામલો ઘણા સમયથી ચર્ચામાં છે અને અત્યાર સુધી સરકારે આવી ઘણી એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. જો કે, આ એપ્સ કોઈને કોઈ સ્વરૂપે નવા નામ સાથે પાછી આવે છે. આવી એપ્સમાં, સૌ પ્રથમ, ગ્રાહકોને એક ક્લિકમાં અને દસ્તાવેજો વિના લોન ઓફર કરવામાં આવે છે. ઘણા લોકો આવી લોનની જાળમાં ફસાઈ જાય છે, પરંતુ આ લોન એપ્સ પણ સ્પાયવેરની જેમ કામ કરે છે. આ એપ્સ ડાઉનલોડ થતાની સાથે જ લોન પ્રોવાઈડરને યુઝર્સના તમામ ફોટા અને કોન્ટેક્ટ ડિટેલ્સ એક્સેસ થઈ જાય છે. પછી લોન રિકવરીના નામે તેમની અસલી રમત શરૂ થાય છે. આ નકલી એપ્સ પીડિતોને શક્ય તેટલી વહેલી તકે લોન ચૂકવવા માટે સતત દબાણ કરે છે. ઘણી વખત તેમના ફોટા મોર્ફ કરીને વાયરલ કરવાની ધમકીઓ આપવામાં આવે છે. બનાવટી લોન આપનાર પીડિતાના ફોન પરથી લીધેલા તમામ સંપર્કોનો સંપર્ક કરીને ધમકી પણ આપે છે. બદનામ થવાના ડરથી યુઝર્સ લોન ચુકવવા માટે નવી લોન લે છે અને આ રીતે તેઓ લોનની જાળમાં ફસાઈ જાય છે. સરકાર આવી નકલી લોન એપ્સ અને ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ પર પ્રતિબંધ લગાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે. આરબીઆઈએ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૧માં બે મહિના સુધી ડિજિટલ લોન એપનો અભ્યાસ કર્યો હતો. તેમાં જાણવા મળ્યું કે ૮૧ એપ સ્ટોર્સ પર કુલ ૧,૧૦૦ લોન એપ્સ ઉપલબ્ધ છે. જેમાંથી ૬૦૦ ગેરકાયદે છે. દરરોજ નવી નવી લોન એપ્લિકેશનો લોન્ચ થઈ રહી છે. એની લાયસન્સ પ્રક્રિયા પણ અદ્ધરતાલ છે. હવે તો મેનેજમેન્ટ અને ટેકનિકલ નિષ્ણાત ઉમેદવારોની એક ટુકડી બનાવો એટલે બે નંબરી લોન એપ્લિકેશન લોન્ચ થઈ જાય છે અને તરત જ આજા ફસા જા ગેઈમ શરૂ થઈ જાય છે. લોન લેનારા બહુ પસ્તાય છે, પણ એકવાર ગેઈમ શરૂ થાય પછી પૂરી થતાં બહુ જ વાર લાગે છે. ઉપભોક્તા સર્વેક્ષણો અને પોલીસ તપાસ આ બે મુખ્ય કડીના અભાવને કારણે ગ્રાહક લોન એપ્લિકેશન્સની દુનિયા તરફ ખેંચાય છે. અનૌપચારિક ધિરાણ અને તે જ કારણસર ગેરકાયદે લોન એપ્લિકેશન્સમાં સૌથી પહેલાં તો ગ્રાહકોને આકર્ષે છે સરળતા. જરૂરિયાતમંદ લોકોને સરળતાથી લોન મળે છે. વ્યાજ દરો બેંકો કરતા ઘણા વધારે છે, પરંતુ તે પછી જે થાય છે તે ડિજિટલ વિશ્વ માટે ખૂબ જ ખતરનાક છે. એપ્સ ફોનમાં ડાઉનલોડ થાય છે. છેતરપિંડી કરનાર લોન એપ્લિકેશન્સ ગેરકાયદે રીતે લોન લેનારાઓના ફોન ડેટાની નકલ કરે છે. તે ડેટાનો ઉપયોગ દેવાદારોને હેરાન કરવા માટે કરવામાં આવે છે જ્યારે તેઓ ચુકવણીમાં વિલંબ કરે છે. પોલીસ તપાસ દર્શાવે છે કે આ છેતરપિંડી કેવી રીતે થાય છે. હેરાનગતિનો એક માર્ગ એ છે કે ઋણ લેનારનો ફોટો વિકૃત કરીને તેની સંપર્ક યાદીમાં રહેલા લોકોને મોકલે છે.

# મા કૌશલ્યાની માટે માનસ સ્વયં મસાન છે, જેનો અગ્નિ એના ઘરમાં પણ એને બાળી રહ્યો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

ચોથા દિવસની માણસમાં સામે કથામાં પ્રવેશતા જે બાપુએ કહ્યું કે ભગવાન રામ લક્ષ્મણ અને જાનકી જ્યારે વનમાં જાય છે, ત્યારે અવધ પતિ બહુ વ્યાકુળ છે, અને સુમંતને આદેશ આપે છે, કે રથ લઈને જાઓ. સરજુ તટ સુધી બધા જ આવે છે, ભગવાન તેને વિનય સાથે પાછા ફરવા જણાવે છે, પરંતુ અયોધ્યા વાસીઓ પ્રભુની પાછળ દોડે છે. ભગવાન રામના જન્મનો મહોત્સવ અયોધ્યા વાસીઓએ એક મહિનો ઉજવ્યો હતો. ચારે રાજકુમારો પરણીને પરત ફર્યા ત્યારે પણ અવધવાસીઓએ સિંહાસન પર બેસાડી એમનું સન્માન કર્યું હતું અને આ દ્રશ્ય ખૂબ જ સોહામણુ હતું. પણ બાલકાંડમાંથી અયોધ્યાકાંડમાં પ્રવેશ થયો અને આખો દ્રશ્ય બદલાઈ ગયું, અને બધાને જ રામ લક્ષ્મણ જાનકી વિના બધું ભયંકર લાગે છે. એટલે નગરવાસીઓ નગરનું સમર્પણ કરી અને પ્રભુ સાથે વનવાસ ગમન કરવા જઈ રહ્યા છે. ગઈકાલે સ્મશાનને આદિ દૈવિક મંદિર કહ્યું હતું તો એક પ્રશ્ન છે કે બાપુ બુદ્ધિમાં ભક્તિનું સ્થાન છે? ભક્તિ એટલે તો પ્રેમ થાય! ભક્તિ એટલે તો ભાવ થાય! ભક્તિ એટલે હેત!: આ ઉપરાંત પ્રેત એટલે શું? સ્મશાન તો પ્રેતનુ નિવાસ માનવામાં આવ્યું છે "ભવન ભયંકર લાગ જિમી માનહું પ્રેત નિવાસા. પ્રેતને જોયા વગર હું કઈ રીતે કહી શકું! પરંતુ જેના હૃદયમાં હેત નથી, એ જ પ્રેત છે. આ કારણ હેતથી નાતો જોડી રાખો! તો પ્રેત ક્યારે નહીં કનડે. બદાયુ નો શેર ટાંકીને કહ્યું કે પરમાત્માના ચરણ સિવાય જેની નજર ક્યાંય નથી, એવા ને જ નજરમાં રાખો. જેમની આંખો કાન અને બોલ તેમજ જેનું એક એક પગલું શીલવંત છે, એના દરેક કર્મ શીલવંત છે, આંસુ પણ શીલવંત છે, અને રુદન પણ શીલવંત છે, એવા સાથે નાતો જોડી, અને નજરમાં રાખીશું. રામચરિત માનસની કથા આપણા જીવનમાં સત્યને ઉજાગર કરે છે, એટલે હિંમત કરી સમાજનો ડર રાખ્યા વગર, સત્યનો ઉદ્ભવ સિદ્ધ કરવો, પરિભાષિત કરવું,



ગમે તેટલી ઉંમર હોય એમાં પ્રેમ પરિભાષિત કરવું અને કરુણા પરિભાષિત કરવી જોઈએ. દીપ્તિ મિશ્રાના શેર ને કોટ કરતા કહ્યું કે, સચકો મેને સચ કહા, જબ કહ દિયા તો કહ દિયા, અબ જમાને કી નજર મેં હે તો હે! બિલકુલ શાસ્ત્ર પણ આવી ગર્જના કરે છે. સાધુ શીલવંત હોવો જોઈએ, અને ગંગાસતી એ પણ શીલવંત સાધુને વારેવારે નમીએ કહ્યું છે. બુદ્ધિમાન ભક્તિનું સ્થાન છે, એ બાબત જણાવતા બુદ્ધિના ચાર દોષ હોય છે. યુવાનો સાંભળો એમ કરી કહ્યું કે બુદ્ધિનો પ્રથમ દોષ બુદ્ધિ ઝડપથી બ્રહ્મિત થઈ જાય છે. બુદ્ધિનો બીજો દોસ્ત લોભ છે, બુદ્ધિ આપણને પ્રલોભન બતાવે છે. બુદ્ધિ નો ત્રીજો દોષ પ્રમાદ છે. રાવણ ની વાત યાદ કરતા કહ્યું કે રાવણમાં કેટલી બુદ્ધિ અને બળ હતું ! બુદ્ધિનો ચોથો દોષ શ્રવણમાં અસાવધાની કોઈની પણ વાત સાંભળો તો પૂરેપૂરી સાવધાનીથી સાંભળો. સ્વામી શરણાનંદજી મહારાજને એના સાધકે પૂછ્યું કે બંધન કોને કહેવાય એમણે સુંદર જવાબ આપ્યો કે તારે ખાલી વ્યાખ્યા સાંભળવી છે કે બંધનમાંથી મુક્ત થાવું છે સાથે થયું કહ્યું કે મારે મુક્ત થવું છે ત્યારે એમણે કહ્યું કે કોઈની પાસે કંઈ પણ માંગવાનું બંધ કરો અને દેવાનું પૂરું કરો એટલે બંધનમાંથી મુક્તિ જીવ કામ ના રહે થઈ જાય ત્યારે જ એ બંધન મુક્ત અવસ્થા મહેસુસ કરે છે. મમતા પણ બંધન છે જંજીરું લોડાની હોય કે સોનાની શું ફેર પડે? રમેશ પારેખ ના ગીત હરીપર અમથું અમથું હેત! હું તો નાનકડો એવો છું મારો કદ કેટલું!: પણ મારી વ્હાલપ બબ્બે વેંત! ફરી રામ લક્ષ્મણ જાનકી અયોધ્યા છોડી જાય છે એ પ્રસંગમાં પ્રવેશતા.

**લાગતિ અવધ ભયાવનિ ભારી,**
**માનહું કાલરાતિ અંધિઆરી,**
**ઘર મસાન પરિજન જન ભૂતા,**
**સૂત હિત મિત મનહું જમદૂતા.**

પ્રભુ પ્રજાજનો ને પાછા જવા સમજાવે છે પણ એમને અયોધ્યા પર કાલરાત્રિ છવાઈ ગઈ હોય એવું લાગે છે, અને પોતાના ઘર સ્મશાન જેવાં લાગે છે. દશરથના પ્રાણત્યાગ બાદ રામને મળવાનો પ્રસ્તાવ મુકાયો ત્યારે પણ આયોધ્યા વાસીઓ સાથે જવા તૈયાર થઈ જાય છે.ભરત મિલાપ પછી પાદુકા આવી, એટલે એક ભરોસો થયો કે પ્રભુની પાદુકા આવી છે એટલે એનાં પગ પણ ક્યારેક આ તરફ આવશે. પણ કૌશલ્યાને હજી ઘર મસાન જેવું લાગે છે. નંદીગ્રામથી ભરત આવે છે, ચરણ સેવા માટે, મા કૌશલ્યા ને કહે છે કે મા કંઈક પ્રવૃત્તિમાં મન પરોવો તમે કહો એ હું કરું પણ તમે થોડા ખુશ રહો ત્યારે મા કહે છે બેટા હવે હાથ મસળવા સિવાય કંઈ થાય એમ જ નથી! "પતિ સુરપૂર સિય રામ લખન બન" અને પછી કહે છે સૌથી વધુ તો દુઃખ એનું છે મુનિવ્રત ભરત ગ્રહ્યો! માનું હૃદય ભારતની કઠિન તપસ્યા જોઈ કલ્પાંત કરે છે, બળ્યા કરે છે અને એને એનું ઘર મસાન લાગે છે, અને અયોધયાનો આ મણિકર્ણિકા ઘાટ છે, મસાન છે.

ક્યારેક ક્યારેક કોઈ નો માર્ગ એવો હોય કે એને ગુમાવવાનું જ હોય છે જેમ કે કૌશલ્યા પતિ ગુમાવ્યા, પુત્ર પુત્રવધુ વન ગમનમા ગયા. ફરી રામરાજ્ય સ્થપાયું, મા એ મંગલ આરતી પણ કરી ફરી એક ધોબી ના કહેવા અનુસાર વળી સીતા વનગમન થયું એમ અહીં કોઈ ને કોઈ પ્રકારની ચિતા અહીં સળગતી રહે છે એટલે એ મસાન છે. સરયૂ માં રામની જળ સમાધિ એ મમતાની બલિ! અમારા દાદાજી વિષ્ણુદેવનંદગીરીજી મહારાજ એ પણ ગંગામાં જળ સમાધિ લીધી હતી. જળ એ જાગૃતિનું કેન્દ્ર છે. ભૂમિ સમાધિ જેમ જળ સમાધિ.અગ્નિ સંસ્કાર એટલે દેહ દઈ દેવામાં આવે એ અગ્નિ સમાધિ. માનસમાં પણ ઘણા સ્મશાનની વાત છે, દશરથનું સ્મશાન સરયૂ તીરે, વાલી રાવણનું રણાંગણ, જટાયુ નું રામની સમીપ, મા સતી અને શબરીની સમાધિ યોગાગ્નિ, રામ જાય એ પહેલાં! યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા અને સમાધિ, આમ યોગીઓની ઉર્ધ્વ ગમન એટલે આકાશની સમાધિ આમ પાંચેય તત્વોની સમાધિ કૌશલ્યા એ એ ઘરમાં જોઈ અને કહ્યું કે મારે તો ઘર જ સ્મશાન છે, જ્યાં આ પ્રકારની અગ્નિ મને બાળે છે, અને એટલે માનસ સ્વયં મસાન ની કથા છે.

કાલે આદિ દૈહિક આદિ દૈવિક અને આધ્યાત્મિક મસાનની વાત કરી હતી, આજે જ્યારે વ્યાસપીઠ માનસ ને મસાન કહે છે ત્યારે એ રીતે પણ એ ત્રણે પ્રકારના સ્મશાન નો સંકેત કરે છે. આદિ દૈવિક સ્મશાન ભયંકર છે તો પ્રમાણ, મહામોહ મહિ શેષ વિસારા. રામ કોમળ પણ છે અને કરાલ પણ છે. આદિ દૈવિક સ્મશાન સોહામણું છે, મંગલ કરની કલિમલ હરની તુલસી કથા રઘુનાથ કી. આ કથા કલિમલને હરનારીને મંગલ કરનાર છે. રામ અયન એટલે કે રામનું ઘર ! તો એ આદિ દૈવિક દેવાલય છે. માનસ પર સદા દેવ કૃપા વરસે છે એટલે એ રીતે એ આધ્યાત્મિક પણ છે. માનસ મસાન અને સમાન આ ત્રણેય શબ્દમાં 'સ ' કોમન છે. એટલે માનસ અને માણસનું મન હૃદય એ પણ મસાન સમાન છે. તો માનસ મસાનની કથામાં હવે આવતીકાલે આગળ ચિંતન કરીશું. રામકથા ના ક્રમમાં આગળ શિવગણો ભગવાન શિવને શણગાર કરે છે.

**શિવહી શંભુગન કરહિ સિંગારા,**
**જટા મુકુટ અહિ મોર સંવારા.**

ભગવાનના શિવના વિશેષ આભૂષણોથી શીંગાર કર્યો એનું રસ પૂર્વક નું વર્ણન કર્યું. જાન પ્રસ્થાન દુનિયામાં જેટલા સ્મશાન હતાં ત્યાં નિવાસ કરનારા ભૂત પ્રેત ને ભગવાન શિવનાં વિવાહમાં આવવાનું આમંત્રણ અપાયુ. એ બધા પોતપોતાના પ્રાંતની બોલીમાં બોલી રહ્યા છે નાચગાન કરી રહ્યા છે અને આમ પૂછતાં પૂછતાં હિમાચલ સુધી જાન પહોંચી. દુલ્હાને જોઈ મહારાની મેના મૂર્છિત થયાં, દેવર્ષિ નારદ મા જગદંબાના જન્મનું કારણ ઉદ્‌ઘોષિત કરે છે, અને પછી ધામધૂમથી લગ્ન સંપન્ન થાય છે. કોઈ પણ કન્યાની વિદાય એ વસમી ઘડી છે. છતાં દિકરીને વિદાય સંસ્કાર આપે છે કે તું તારા પતિને પ્રિય બની રહેજે, તારું સૌભાગ્ય અખંડ રહે. જાન કૈલાસ પરત આવે છે, દેવગણ પણ વિદાય લે છે. જગતના માતા પિતા નાં વિહારનુ તુલસી મર્યાદાથી વર્ણન કરે છે. કુમાર કાર્તિકેયનો જન્મ થાય છે, એને છ મુખ છે એટલે તુલસી લખે છે કે જ્યાં શ્રદ્ધા અને વિશ્વાસ નું મિલન નથી ત્યાં ષડમુખી પુરુષાર્થ પ્રગટ થતો નથી. ભગવાનને પ્રસન્ન જોઈ મા ભવાની રામકથા વિશે જીજ્ઞાસા કરે છે અને ભગવાન રામકથાનો આરંભ કરે છે એટલું કહી ચોથા દિવસની કથાને વિરામ આપે છે.

# ભગવાન એક-એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે, તે પછી કહે છે, બેટા હવે હું સંતાઈ જાઉં છું, હવે તું મને શોધી કાઢજે!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

ભોગ ભક્તિમાં બાધક છે. ભોગ જ્ઞાનમાં પણ બાધક છે. ભોગ કરતાં ભોગના ત્યાગમાં અનંતગણું સુખ છે. ઈન્દ્રિયજન્ય સુખ સર્વ પ્રાણીઓનું સરખું જ હોય છે. છપ્પન મણ રૂની તળાઈ માં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળે છે. મનુષ્યને શીખંડ ખાવામાં જે સુખ મળે છે તેવું સુખ ભૂંડને વિષ્ટા ખાવામાં મળે છે.મનુષ્યે બુદ્ધિપૂર્વક ભોગ છોડવા જોઈએ. ભોગમાં ક્ષણિક સુખ છે, ત્યાગમાં હંમેશ અનંતનું સુખ છે. ભોગથી શાંતિ મળતી નથી, ત્યાગથી શાંતિ મળે છે.રાજા આજ સુધી તેં અનેક ભોગ ભોગવ્યા છે.હવે તારીએક એક ઈન્દ્રિયને તું ભક્તિરસનું દાન કર. ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કર. રાજન્ જેનું મરણ સમીપમાં આવ્યું છે, તે સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે, પરમાત્માનું દયાન કર. ધીરે ધીરે સંયમને વધાર. સતત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું એ જ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. ઈશ્વર સાથે તન્મય થાય તેને મુક્તિ મળે છે.રાજન, જન્મ તેનો સફળ થયો કે જેને ફરીવાર માના પેટમાં જવા નો પ્રસંગ જ ન આવે. ગર્ભવાસ એ જ નરકવાસ છે. કર્મ અને વાસના લઈને જીવ જન્મે છે, તેનો ગર્ભ વાસ એ નરકવાસ છે. આ દેહાભિમાન જ મિથ્યા છે. શુકદેવજી જનકરાજાના દરબાર માં જનકરાજા પાસે વિદ્યા શીખવા ગયા હતા. વિદ્યાભ્યાસ પૂરો થયો. શુકદેવજીએ કહ્યું, મારે ગુરુ દક્ષિણા આપવી છે. જનકરાજાએ કહ્યું કે, મારે ગુરુ દક્ષિણા જોઈતી નથી પણ તું બહુ આગ્રહ કરે છે તો જગતમાં જે નિરુપયોગી વસ્તુ હોય તે મને આપ! શુકદેવજી નિરુપયોગી વસ્તુની શોધમાં નીકળ્યા. પ્રથમ માટી ઊંચકી. માટી કહે મારા ઘણા ઉપયોગ છે. પથ્થર ઊંચક્યો. તો પથ્થર કહે, મારા ઘણા ઉપયોગ છે. આ પ્રમાણે જે વસ્તુને ઉપાડે તે ઉપયોગી જણાય. અંતે થાકીને વિષ્ટા ઉપાડી. વિષ્ટા કહે, હું અન્ન રૂપે મનુષ્યના પેટમાં ગઈ, તો આમ વિષ્ટા બની! છતાં હું નિરુપયોગી નથી. વિચાર કરતાં શુકદેવજીને લાગ્યું કે, આ દેહાભિમાન જ નિરુપયોગી છે. ત્યારે શુકદેવજી જનકરાજાને કહ્યું, મારું દેહાભિમાન ગુરુદક્ષિણા માં અર્પણ કરું છું.



શુકદેવજીને દેહભાન નહીં એટલે મંગલાચરણ કર્યું ન હતું. પાછળથી બીજા સ્કંધના ચોથા અધ્યાયમાં ૧૨મા શ્લોકથી મંગલા ચરણ કર્યું છે. સાધકને કથા માર્ગદર્શન કરે છે એટલું જ નહીં પણ સિદ્ધ પુરુષો નેય કથા સાંભળવાની જરૂર પડે છે. બીજા સ્કંધમાં પહેલા ત્રણ અધ્યાયમાં ભાગવતનો સઘળો સાર આવી ગયો.રાજાને છે. ઉપદેશ કરવાનો હતો તે આ ત્રણ અધ્યાયમાં કર્યો છે. પછી તો પરીક્ષિત રાજાનું ધ્યાન વિષય તરફ ફરીથી ન જાય તેવું માટે ચરિત્રો કહે છે. શુકદેવજી શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે કે,જે ભક્તવત્સલભગવાન ની છવાયું ભક્તિહીન હઠયોગી ઓ પામતા નથી, જે પરમ ઐશ્વર્ય યુક્ત છે, અદ્વિતીય છે, જે નિરંતર તેજ બ્રહ્મધામમાં વિહરે છે, તે શ્રી કૃષ્ણને નમો નમસ્તે! પ્રેમમાં પક્ષ પાત આવી જાય છે. શ્રી રાધાજી શ્રી શુકદેવ જીના ગુરુ છે,રાધાજી એ શુકદેવજીને બ્રહ્મ સંબંધ કરાવી આપ્યો હતો એટલે શુકદેવજી રાધાકૃષ્ણને બે વાર નમસ્કાર કરે છે. શુકદેવજી પૂર્વજન્મમાં પોપટ હતા. રાત-દિવસ લીલા નિકુંજમાં 'હે રાધે હે રાધે' નામનાં સતત જપ કરતા હતા.

શુકદેવજી શ્રી રાધાના શિષ્ય છે.ભાગવતમાં એટલે તો રાધાજી ના નામને પ્રગટ ઉલ્લેખ નથી. કારણ ગુરુનું નામ પ્રગટ રૂપે ન લેવાની શાસ્ત્રની મર્યાદા છે. ભાગવતના ટીકાકાર શ્રીધર સ્વામી આ પાંચને નિત્ય માને છે.ભગવાન નું સ્વરૂપ નિત્ય, ભગવાન ની લીલા નિત્ય, ભગવાનનું નામ નિત્ય, ધામ નિત્ય અને પરિકર નિત્ય છે. પરીક્ષિત રાજા પૂછે છે કે ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે! આ સૃષ્ટિ ની ઉત્પત્તિની કથા કહો.જવાબમાં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદ જીને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે. ભગવાનને એકમાંથી અનેક થવા ની ઈચ્છા થઈ.પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા.આ તત્ત્વો પોતાની મેળે કોઈ કાર્ય કરી શક્યા નહીં,ત્યારે પ્રભુએ એક-એક વસ્તુ માં પ્રવેશ કર્યો.હો તત્ત્વ માં દિવ્ય ચેતનશક્તિ પ્રગટ થઈ. સાતમા અધ્યાયમાં ભગવાનની લીલા અવતારોનું વર્ણન કરેલું છે. બ્રહ્માજીની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને આત્મ તત્ત્વના જ્ઞાન માટે તેમને પરમ સત્ય વસ્તુ નો જે ઉપદેશ કર્યો તે સાંભળો. આદિદેવ બ્રહ્માજી જ પોતાના જન્મસ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી વિચાર કરી રહ્યા હતા, પણ સૃષ્ટિની રચના થઈ શકે તેવી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ. તેવામાં બ્રહ્માજીને આકાશવાણી સંભળાઈ:તપ, તપ!

બ્રહ્માજી સમજી ગયા કે તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજી એ સો વર્ષ તપ કર્યું અને તેમને ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. તપ કર્યા વગર કોઈને ચાલ વાનું નથી. તપ ન કરે તેનું પત થશે. એટલે પતન થાય છે.પછી નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુ: શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો. દ્વિતીય સ્કંધમાં નવમા અધ્યા યના ૩૨ થી ૩૫ શ્લોક એ ચતઃ શ્લોકી ભાગવત.ભગવાન સંતા કૂકડીની રમતના અજબ ખેલાડી છે. આરંભમાં તમામ જીવો ભગવાન ની અંદર છે. ભગવાન એક-એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે.તે પછી કહે છે,બેટા, હવે હું સંતાઈ જાઉં છું. હવે તું મને શોધી કાઢજે! ભગવાન કહે છે કે,જગતમાં ન હતું ત્યારે પણ હું જ હતો. જગત રહેશે નહીં ત્યારે પણ હું જ રહીશ જેમ સ્વપ્નમાં એક જ અનેકરૂપે દેખાય છે, તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક જ છે. એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે. દાગીનાના આકાર ભિન્ન હોવા છતાં સર્વમાં એક જ સોનું રહેલું છે. કિંમત પણ સોનાની મળે છે, આકારની નહીં.ઈશ્વર સિવાય બીજું જે કાંઈ દેખાય છે, તે સત્ય નથી.

ઈશ્વર વિના બીજું દેખાય એ જ ઈશ્વરની માયા છે. જે ન હોવા છતાં પણ દેખાય છે અને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી. એ જ માયાનું કાર્ય છે. તેને જ મહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે. સર્વનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે તે સંસાર અસત્ય છે,પરંતુ માયાથી ભાસે છે.માયાની બે શક્તિઓ છેઃ આવરણશક્તિ અને વિક્ષેપ શક્તિ માયાની આવરણશક્તિ પરમાત્મા ને ઢાંકી રાખે છે. માયાની વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે. જેમ અંધારામાં દોરડાને બદલે સાપ દેખાય. જે ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય. પોતાના સ્વરૂપનું વિસ્મરણ એ માયા છે. એ સ્વપ્ન છે. સ્વપ્ન જેને દેખાય છે તે જોનારો સાચો છે. સ્વપ્નમાં એક જ પુરુષ છે પણ દેખાય છે બે. એ જાગી જાય છે ત્યારે એને ખાતરી થાય છે કે હું ઘરમાં પથારીમાં સૂતો છું સ્વપ્નનો પુરુષ જુદો છે. તેમ આ જગતમાં બ્રહ્મ તત્ત્વ એક જ છે,પણ માયા ને લીધે અનેક તત્ત્વ ભાસે છે. માયા અનાદિ છે. માયા એટલે અજ્ઞાન.

અજ્ઞાન ક્યારથી શરૂ થયું તે જાણવાની શું જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી એનો વિચાર કરવો નહીં. કપડાં ઉપર ડાઘ પડયો હોય તો તે શાથી પડયો? ક્યારે પડેલો? કેમ કરતાં પડ્યો? કઈ શાહી હશે? વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તરત દૂર કરવો એ જ હિતાવહ છે. તેવી રીતે માયાનો વિચાર કરવા કરતાં માયાનાપતિ પરમાત્મા ને શરણે જવું એ જ કર્તવ્યમય છે. સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે, મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. શ્રીકૃષ્ણે કહ્યું, સમય આવે દર્શન કરાવીશ. ચાલો,પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ.ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરે છે.સુદામાએ ગોમ તીના જળ માં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાની માયા બતાવી. સુદામાને લાગ્યું, ગોમતીજીમાં પૂર આવ્યું છે. તે પોતે તણાતાં જાય છે. માંડ માંડ તરીને એક કિનારે આવ્યા.ત્યાં એક ગામ હતું. ગામ માં પેસતાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી.

લોકોએ સુદામાને કહ્યુંઃ અમારા દેશના રાજા મૃત્યુ પામેલા છે.આ ગામનોકાયદો છે કે, રાજા ના મૃત્યુ બાદ આ હાથ ણી જેને માળા પહેરાવે તે રાજા થાય. માટે તમે અમારા રાજા સુદામા રાજા બન્યા.એક રાજ કન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો.બાર પુત્રો થયા. તેવામાં રાણી એક દિવસ માંદી પડી અને મૃત્યુ પામી.સુદામા રડવા લાગ્યા. લોકો કહે, તમે રડો નહીં. અમે તમને વિયોગમાં દુઃખી નહીં થવા દઈએ. તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલીશું. એટલે કે પત્ની સાથે તમારે પણ અગ્નિમાં પ્રવેશ કરવો પડશે. હવે સુદામા પત્ની માટે રડવા નું ભૂલી ગયા, ને પોતા માટે રડવા લાગ્યા. પછી તે લોકોને કહે છે, મને એક વખત સ્નાન-સંધ્યા કરી લેવા દો.પછી મને જાહેર કરજો. તે સ્નાન કરવા ગયા. ચાર પુરુષો તેની ચોકી કરતા ઊભા કે નાસી ન જાય.સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં પ્રભુને યાદ કરે છે. રડતાં રડતાં સુદામા નદીમાંથી બહાર આવ્યા. ભગવાન હજી તો પીતાંબર પહેરી રહ્યા હતા. ભગવાન પૂછે છે, તું કેમ રડે છે? સુદામાએ બધી વાત કરી ત્યારે ભગવાન કહે, આનું નામ મારી માયા.

# ક્રિકેટરની પોસ્ટ વાંચીને ભાવુક થયા અક્ષય કુમાર



। મુંબઈ, તા.૨૯ ।

બોલિવૂડ એક્ટર અક્ષય કુમાર ભારતીય ક્રિકેટર શિખર ધવનની પોસ્ટ વાંચીને ભાવુક થઈ ગયો છે. હકીકતમાં, આ વર્ષે ઓક્ટોબરમાં દિલ્હીની એક કોર્ટે શિખર ધવન અને તેની પત્ની આયેશાના છૂટાછેડાને મંજૂરી આપી હતી. ચુકાદો આપતી વખતે કોર્ટે શિખરને પુત્ર જોરાવરની કસ્ટડી આપી ન હતી પરંતુ તેને ભારત અને ઓસ્ટ્રેલિયામાં મળવાની પરવાનગી આપી હતી. જોકે, કોર્ટના આદેશ બાદ પણ આયેશા શિખર અને ઝોરાવરને એકબીજાથી અલગ રાખી રહી છે. ગઈકાલે, શિખરે તેના પુત્રને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી. તેણે જણાવ્યું કે તે છેલ્લા એક વર્ષથી તેના પુત્રથી દૂર છે. શિખરે તેની પોસ્ટમાં લખ્યું, "હું તને એક વર્ષથી મળ્યો નથી. ત્રણ મહિનાથી વધુ સમય થઈ ગયો છે. મને દરેક જગ્યાએથી બ્લોક કરી દેવામાં આવ્યો છે. તેથી હું તમારી જૂની તસવીર પોસ્ટ કરી રહ્યો છું જેથી હું તને જન્મદિવસની શુભેચ્છા પાઠવી શકું. તેણે પોસ્ટમાં લખ્યું મારા દીકરાને જન્મદિવસની શુભેચ્છા. એ પણ લખ્યું હતું કે હું તમને મળી શકતો નથી, પરંતુ, આ દુનિયામાં ટેલિપેથી નામની એક વસ્તુ છે. હું મારા હૃદયથી તમારી સાથે જોડાયેલ છું. મને તમારા પર ગર્વ છે. મને ખબર છે કે તમે સારું કરી રહ્યાં છો. અને તમે સારી રીતે મોટા થઈ રહ્યા છો. પપ્પા તમને ખૂબ યાદ કરે છે. તમને ખૂબ પ્રેમ કરે છે. શૈતાન બનો પરંતુ કોઈને નુકસાન ન કરતાં. લોકોને મદદ કરો, દયાળુ બનો, ધીરજ રાખવાનું શીખો અને મજબૂત બનો. હું તાઋ સાથે વાત નથી કરી શકતો.

## ચીની કમ ફેમ અભિનેત્રીએ ૨૫ વર્ષની ઉંમરે કર્યા લગ્ન



। મુંબઈ, તા.૨૯ ।

૨૦૦૭માં અમિતાભ બચ્ચન અને તબ્બુ અભિનીત ફિલ્મ 'ચીની કમ' રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં બાળ કલાકારની ભૂમિકા ભજવનારી અભિનેત્રી સ્વીની ખરાએ તાજેતરમાં સગાઈ કરી છે. બુધવાર, ૨૭ ડિસેમ્બરના રોજ તેમના લગ્ન સમારોહ ખૂબ જ ધામધૂમથી યોજાયો હતો. સ્વીનીએ ઉર્વિશ દેસાઈ સાથે લગ્ન કર્યા છે. અભિનયના ક્ષેત્રમાં કામ કર્યા પછી તેઓ વકીલાત તરફ વળ્યા અને તે જ ક્ષેત્રમાં તેમની કરિયરની શરૂઆત કરી.

લગ્ન બાદ સામે આવ્યો ઈટ ગર્લફ્રેન્ડનો વિડીયો

## લોકોને લાગી રહ્યું છે કે અરબાઝ ખાનના લગ્નના કારણે તે ઉદાસ છે



। મુંબઈ, તા.૨૯ ।

બોલિવૂડ અભિનેતા અરબાઝ ખાને તાજેતરમાં જ બીજા લગ્ન કરી લીધા છે. આ વખતે તેના અફેરના સમાચારની જગ્યાએ સીધા તેના લગ્નના સમાચાર સામે આવ્યા છે. અરબાઝ પહેલાં જ્યોર્જિયા એન્ડ્રિયાનીની સાથે રીલેશનશિપમાં હતો. થોડા દિવસો પહેલાં જ જ્યોર્જિયા પોતાના બ્રેકઅપ અંગે મીડિયાને જણાવી ચૂકી હતી. ત્યારે અરબાઝના લગ્ન બાદ હવે જ્યોર્જિયાનો એક વિડીયો સામે આવ્યો છે. વિડીયોમાં જોઈ શકાય છે કે હંમેશાની જેમ તે પોતાના ડોગને બહાર લઈને જઈ રહી છે, પરંતુ લોકોને લાગી રહ્યું છે કે જ્યોર્જિયા અરબાઝના લગ્ન થઈ જવાથી ખૂબ જ રડી છે. જ્યોર્જિયા એન્ડ્રિયાનીને ઘણી વખત તેના ડોગને વોક કરાવતી સ્પોટ કરવામાં આવે છે. પરંતુ હાલમાં તેનો વિડીયો સામે આવ્યો છે, જેમાં લોકોને લાગી રહ્યું છે કે અરબાઝના લગ્નના કારણે તે થોડી ઉદાસ છે. આપને જણાવી દઈએ કે મલાઈકા સાથે છૂટાછેડા લીધા બાદ અરબાઝ લાંબા સમય સુધી જ્યોર્જિયા સાથે રીલેશનશિપમાં રહી ચૂક્યો છે.

# સેજલ શર્માએ બિકીનીમાં બતાવી કાતિલ અદા



। મુંબઈ, તા.૨૯ ।

સેજલ શર્મા એક એવું નામ છે જે બહુમુખી પ્રતિભા ધરાવે છે કારણ કે આ અભિનેત્રીએ બોલીવુડ, પંજાબી, મરાઠી અને તેલુગુની ફિલ્મોમાં કામ કર્યું છે. તેણે તાજેતરમાં ભારતીય પેવેલિયનમાં તેની વેબસિરીઝ 'ડાઈસ' સાથે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સેજલે ૨૦૧૩માં પંજાબી ફિલ્મ 'વિયા ૭૦દ્વદ્વ' દ્વારા તેની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. ઈશ્ક ના હોવે રબ્બા (૨૦૧૮) સિવાય સેજલે બોલિવૂડ, મરાઠી અને તેલુગુ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. ૨૦૧૫ માં, તેણીએ વીર દાસ અને સોહા અલી ખાન સાથે ફિલ્મ '૩૧ ઓક્ટોબર' દ્વારા બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. અભિનેત્રી સેજલ શર્માએ બોલીવુડ, પંજાબી, મરાઠી અને તેલુગુની ફિલ્મોમાં કામ કરી ચુકી છે જો કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરી શકી ન હતી, પરંતુ વિવેચકોએ તેની પ્રશંસા કરી હતી. ગ્લેમરસ અભિનેત્રી સેજલ શર્મા ઈન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખૂબ જ એક્ટિવ રહે છે. અભિનેત્રી સેજલ શર્માની સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મોટી સંખ્યામાં ફેન ફોલોઈંગ છે.

# અભિનેત્રી ટ્વિંકલ ખન્નાની ડેબ્યૂ ફિલ્મ રહી હતી હિટ



## બરસાતની સફળતાએ ટ્વિંકલ ખન્નાને રાતોરાત સુપરસ્ટાર બનાવી દીધી, તેને ઘણી ફિલ્મોની ઓફર મળવા લાગી હતી

। મુંબઈ, તા.૨૯ ।

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં દરેકનું નસીબ ચમકતું નથી. આ જ કારણ છે કે જ્યારે તેમની ફિલ્મો બોક્સ ઓફિસ પર ખાસ કમાલ ન કરી શકી ત્યારે ઘણા સ્ટાર્સે ફિલ્મી દુનિયાને અલવિદા કહી દીધું. આજે અમે તમને બોલિવૂડમાં શાનદાર એન્ટ્રી કરનાર અભિનેત્રી વિશે જણાવીશું. તેની પ્રથમ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી પરંતુ ત્યારબાદ લગભગ તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. તેનું નામ ટ્વિંકલ ખન્ના છે. ટ્વિંકલ ખન્ના સુપરસ્ટાર રાજેશ ખન્નાની પુત્રી અને અક્ષય કુમારની પત્ની છે. તેણે વર્ષ ૧૯૯૫માં ફિલ્મ 'બરસાત'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આમાં તેની સાથે બોબી દેઓલની જોડી જોવા મળી હતી. કમાણીની વાત કરીએ તો આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. બોક્સ ઓફિસ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, ટ્વિંકલ ખન્નાની પહેલી ફિલ્મ 'બરસાત' માત્ર ૮.૨૫ કરોડ રૂપિયાના બજેટમાં બની હતી અને તેની વર્લ્ડવાઈડ કમાણી ૩૪ કરોડ રૂપિયા હતી. બરસાતની સફળતાએ ટ્વિંકલ ખન્નાને રાતોરાત સુપરસ્ટાર બનાવી દીધી. તેને ઘણી ફિલ્મોની ઓફર મળવા લાગી. તેના બરાબર એક વર્ષ બાદ ટ્વિંકલ ખન્નાએ ફિલ્મ 'જાન'માં કામ કર્યું હતું. ફિલ્મ 'જાન'માં અજય દેવગન સાથે ટ્વિંકલ ખન્નાની કેમેસ્ટ્રી સિલ્વર સ્ક્રીન પર છવાઈ ગઈ હતી. તેના ગીતો પણ ખૂબ લોકપ્રિય થયા હતા. આ ફિલ્મ બોક્સ ઓફિસ કમાણીના મામલે સફળ સાબિત થઈ છે. આ પછી તેની એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નથી.

# ઐશ્વર્યા અને અભિષેકના ડખા વચ્ચે ઈશા કોપ્પિકરે છુટાછેડા લઈ લીધા







। મુંબઈ, તા.૨૯ ।

કૃષ્ણા કોટેજ, ડોન, ક્યા કૂલ હૈ હમ, ફિઝા, ૩૬ ચાઈના ટાઉન, જેવી ફિલ્મોથી પોપ્યુલર થયેલી ઈશા કોપિકર, ટિમી નારંગ સાથે ૨૯ નવેમ્બર ૨૦૦૯માં લગ્ન કર્યા હતા. લગ્નના ૧૪ વર્ષ બાદ બંને શા માટે અલગ થયા છે, તે સૌ કોઈ જાણવા માગે છે. ઈશા અને ટિમ્મીના સંબંધ પર વાત કરતા એક સૂત્રે જણાવ્યું કે, થોડા સમય પહેલા એવી ખબર આવી હતી કે, આ કપલ કમ્પૈટિબિલિટીના મુદ્દાના કારણે અલગ થયા છે. જો કે, અલગ થતા પહેલા બંને વચ્ચે લગ્નને બચાવવા માટે શક્ય તમામ પ્રયાસ કર્યા પણ તેઓ સફળ રહ્યા નહીં. એટલા માટે હવે ઈશાએ ઘર છોડવાનો નિર્ણય કર્યો છે. તે પોતાની દીકરી સાથે અલગ રહે છે. જ્યારે આ મામલા પર ઈશાનો સંપર્ક કરવામાં આવ્યો તો તેણે મેસેજ દ્વારા કહ્યું કે, હાલમાં મારે કંઈ કહેવું નથી. હાલમાં મારે પ્રાઈવસી જોઈએ છે. આશા કરુ છું કે તમે એ વાતનું ધ્યાન રાખશો. આપને જણાવી દઈએ કે, ઈશા અને ટિમ્મી નારંગની મુલાકાત એક જિમમાં થઈ હતી. જ્યાંથી બંને વચ્ચે પ્રેમ થયો અને લગ્ન કરી લીધા. ઈશા હિન્દી ફિલ્મોની સાથે સાથે સાઉથ અને મરાઠી ફિલ્મોમાં પણ એક્ટિંગ કરી ચુકી હતી. ઈશાને છેલ્લી તમિલ ફિલ્મ અયલાનમાં જોવા મળી હતી. વર્ષ ૨૦૧૯માં ઈશાએ રાજકારણમાં પણ એન્ટ્રી લીધી હતી. ભારતીય જનતા પાર્ટી તેણે જોઈન કરી હતી. વુમન ટ્રાંસપોર્ટ વિંગ તરફથી ઈશાને ભાજપે પ્રસિડેંટ બનાવી હતી.



ભર શિયાળે પરસેવો છોડાવી દેશે રેડ હોટ અવતાર

# જહાન્વી કપૂરે હદથી વધારે ટાઇટ ડ્રેસમાં ફ્લોન્ટ કર્યુ કર્વી ફિગર

। મુંબઈ, તા.૨૯ ।

બોલિવૂડ એક્ટ્રેસ જહાન્વી કપૂર પર હાલ ક્રિસમસનો ક્રેઝ છવાયેલો છે. તેના લેટેસ્ટ ઈન્સ્ટાગ્રામ ફોટોઝ તેનો પુરાવો આપે છે. એક્ટ્રેસ જહાન્વી કપૂરે હાલમાં જ સોશિયલ મીડિયા હેન્ડલ ઈન્સ્ટાગ્રામ પર તેની લેટેસ્ટ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં એક્ટ્રેસ જહાન્વી કપૂર બોલ્ડ રેડ ડ્રેસમાં જોવા મળી હતી. આ બોડી ફીટ ડ્રેસમાં એક્ટ્રેસ જહાન્વી કપૂરનો બોલ્ડ લુક ફેન્સમાં તહેલકો મચાવી રહ્યો હતો. જેના પર લોકોએ ઘણી કોમેન્ટ કરી છે. આ તસવીરોમાં એક્ટ્રેસ જહાન્વી કપૂર રેડ કલરના લેધર ડ્રેસમાં ખૂબ જ બોલ્ડ દેખાઈ રહી

## તસવીરમાં એક્ટ્રેસ જહાન્વી કપૂર પાણી સાથે રમતી જોવા મળી હતી, એક્ટ્રેસે આ વેટ લુક ફોટોશૂટ કરાવ્યું હતું

હતી. આ તસવીરો આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ હતી. એક્ટ્રેસ જહાન્વી કપૂર આ ખૂબ જ બોલ્ડ રેડ ડ્રેસમાં ખૂબ જ કિલર તસવીરો ક્લિક કરતી જોવા મળી હતી. આ તસવીરોમાં એક્ટ્રેસની અદાઓ ફેન્સનું દિલ જીતી લીધું હતું. આ તસવીરોમાં એક્ટ્રેસ જહાન્વી કપૂર હેવી મેકઅપમાં જોવા મળી હતી. એક્ટ્રેસે લેટેસ્ટ ફોટોશૂટમાં ઘણા ક્લોઝઅપ ફોટોઝ પણ ક્લિક કર્યા છે. આ તસવીરમાં એક્ટ્રેસ જહાન્વી કપૂર પાણી સાથે રમતી જોવા મળી હતી. એક્ટ્રેસે આ વેટ લુક ફોટોશૂટ કરાવ્યું હતું. આ તસવીરોમાં જહાન્વી કપૂર હજુ પણ ક્રિસમસ મૂડમાં ડૂબેલી જોવા મળી હતી. એક્ટ્રેસની આ તસવીરોએ ફેન્સનું દિલ જીતી લીધું હતું. આ તસવીરોમાં એક્ટ્રેસ જહાન્વી કપૂર તેના બોલ્ડ અને કર્વી ફિગરને ફ્લોન્ટ કરતી જોવા મળી હતી. એક્ટ્રેસની આ તસવીરો ફેન્સના દિલ પર છવાતી જોવા મળી હતી. સામે આવેલી આ તસવીરોમાં એક્ટ્રેસ જહાન્વી કપૂરની બોલ્ડનેસ જોઈને ફેન્સ દિવાના થતા જોવા મળ્યા હતા. આ તસવીરોના લોકો ખૂબ વખાણ કરી રહ્યા છે. જો કે, કેટલાક લોકો એવા છે જે આ તસવીરો જોઈને એક્ટ્રેસને ભૂંડી રીતે ટ્રોલ કરતા જોવા મળે છે.



## રેખા સાઉથ સિનેમાની જાણીતી એક્ટ્રેસ પુષ્પાવલીની મોટી દીકરી

। મુંબઈ, તા.૨૯ ।

રેખા પહેલાના સમયની સાઉથ સિનેમાની જાણીતી એક્ટ્રેસ પુષ્પાવલીની મોટી દીકરી છે. તેની મા મોટા પડદા પર સીતાનું કેરેક્ટર નિભાવનાર પહેલી એક્ટ્રેસ હતી. વર્ષ ૧૯૩૬માં રિલીઝ થયેલી સંપૂર્ણ રામાયણમાં સીતાના રોલ માટે તેને ૩૦૦ રૂપિયા મળ્યાં હતાં.

જેમ-જેમ તેની પ્રસિદ્ધિ વધતી ગઈ, તેને પ્રમુખ ભૂમિકાઓ મળવા લાગી. ખૂબ જ ઓછા લોકો તે વાત જાણતા હશે કે રેખા એક અપરણિત માની દીકરી છે. આમ તો તેની મા પુષ્પાવલીએ ૧૯૪૦માં લગ્ન કર્યા હતાં પરંતુ ૬ વર્ષના વૈવાહિક જીવનમાં મતભેદના કારણે તેણે પોતાના પતિથી અલગ રહેવાનો નિર્ણય લીધો. તે જ સમયે, જેમિની ગણેશન નામના એક નવા સ્ટારે તમિલ સિનેમામાં ફિલ્મ મિસ માલિનીથી પોતાની શરૂઆત કરી, જેમાં પુષ્પાવલી લીડ રોલમાં હતી. પડદા પર પુષ્પાવલી અને જેમિની ગણેશનનો ઓન-સ્ક્રીન રોમાન્સ જ અસલ જીવનમાં તબદીલ થઈ ગયો. પરંતુ તે સમયે જેમિની ગણેશન પહેલાથી જ બે લગ્ન કરી ચુક્યા હતાં તેથી પુષ્પાવલી સાથે લગ્ન ન કરી શક્યાં. જો કે, પુષ્પાવલી તરફ તેમનો પ્રેમ વધતો ગયો.

# ઝાલોદ એ.પી.એમ.સી ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને સેવાસેતુનો પ્રોગ્રામ યોજાયો

### મામલતદાર પરમાર, ચીફ ઓફિસર હઠીલાના અધ્યક્ષ સ્થાને પ્રોગ્રામ યોજાયો

। ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ નગરમાં આજરોજ તારીખ ૨૯-૧૨-૨૦૨૩ શુક્રવારના રોજ એ.પી. એમ.સી ખાતે નગરપાલિકા દ્વારા સવારે ૯ થી ૫ દરમ્યાન વિકસીત ભારત સંકલ્પ યાત્રા અને સેવાસેતુનો પ્રોગ્રામ યોજાયો હતો. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ કોઈ પણ નાગરિક ભારત સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓને સમજી તેનો લાભ ઉઠાવી શકે તે માટેનો હતો.

આ જનહિતલક્ષી યોજનાઓના લાભાર્થી એક પણ વ્યક્તિ વંચિત ન રહે તેની જાગૃતિ કેળવવા માટે યોજાયો હતો. ભારત સરકારના વિકાસના કાર્યો જન જન સુધી પહોંચે અને તે દરેક વ્યક્તિ તેનો લાભ લે અને અન્ય વ્યક્તિઓને લાભ અપાવે તેવો મુખ્ય આશય હતો. ત્યારબાદ સેવાસેતુનો પ્રોગ્રામ યોજાયો તેમાં કોઈ પણ નાગરિકને પોતાના નાના નાના સરકારી ઓફિસના જાહેર હિતના યોગ્ય કામો અને યોજનાઓનો લાભ એક જ જગ્યાએ મળે તે મુખ્ય આશય હતો.મોટી સંખ્યામાં લાભાર્થીઓ દ્વારા આ પ્રોગ્રામનો લાભ



લઈ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે નગરના મામલતદાર પરમાર, ચીફ ઓફિસર દિપસિંહ હઠીલા, તાલુકા વિકાસ અધિકારી ગઢવી, જી.ઈ.બી કાર્યપાલક ઈજનેર વસૈયા, ઝાલોદ ભાજપ શહેર પ્રમુખ દિનેશ પંચાલ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ અગ્નેશ પંચાલ અને ટપુ વસૈયા, ભાજપ શહેર મહામંત્રી મનું બારીયા તેમજ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલરો તેમજ ભાજપ શહેર મહિલા મોરચાના પ્રમુખ રીટા સોલંકી, નગરપાલિકા સ્ટાફગણ અને નગરમાંથી મોટા પ્રમાણમાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લામાં સસ્તા અનાજની ૫ દુકાનો સસ્પેન્ડ કરાઈ

। ઝાલોદ, તા.૨૯ ।

નાયબ નિયામક અન્ન અને નાગરીક પુરવઠા, ગાંધીનગરની કચેરીની ટીમ ધ્વારા દાહોદ જિલ્લાની કુલ ૨૧ દુકાનોની તપાસણી અહેવાલ જિલ્લા પુરવઠા અધિકારીને મળેલ હતો. જેમાં કુલ ૨૦ વ્યાજબી ભાવની દુકાનો તથા ૧ બીનપરવાનેદાર દુકાનની તપાસણી કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને કુલ ૫ વ્યાજબી ભાવની દુકાનોને ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવેલ છે તેમજ અન્ય ૧૬ દુકાનોની સામે ખાતાકીય રાહે સુનાવણી રાખી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ગરબાડા તાલુકાના ગાંગરડા ગામમાં સંદિપકુમાર છત્રસિંહ મેડા સંચાલીત વ્યાજબી ભાવની દુકાન, ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામમાં અભેસિંહ બરસીગભાઈ બીલવાળ, સંચાલીત વ્યાજબી ભાવની દુકાન, ફતેપુરા તાલુકામાં સુખસર ગામમાં ભુનેતર મુકેશભાઈ મુળજીભાઈ, સંચાલીત વ્યાજબી ભાવની દુકાન, ફતેપુરા તાલુકામાં મારગાળા ગામમાં કપિલકુમાર ભરતલાલ કલાલ, સંચાલીત વ્યાજબી ભાવની દુકાન અને ઝાલોદ તાલુકામાં કોઠારી યોગેશકુમાર કનૈયાલાલ, સંચાલિત વ્યાજબી ભાવની દુકાન સસ્પેન્ડ કરાઈ તેમ જિલ્લા પુરવઠા અધિકારી દાહોદની અખબારી યાદીમાં જણાવેલ છે.

# દાહોદ ના એકતા ગ્રાઉન્ડ પર ભીલવાડા સાંસી સમાજ દ્વારા વિકેશ કપ લીગ ટેનીશ ક્રિકેટ ટુર્નામેન્ટનો આયોજન કરવામાં આવ્યું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

દાહોદના ભીલવાડા સાંસી સમાજ દ્વારા દાહોદ શહેરના એકતા ગ્રાઉન્ડ ખાતે તા.૨૫.૧૨.૨૦૨૩ ના રોજ વિકેશ કપ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી જેમાં સાંસી સમાજની વિવિધ ૮ ટિમોએ ભાગં લીધો હતો જેમાં ગોધરારોડ ઈલેવન અને ઈઈઝ કલપ રળીયાતી ગામની એમ બન્ને ટિમોએ સારો પ્રદસન કરી ફાયનલ સુધી પહોચી હતી અને આજરોજ તા ૨૮.૧૨.૨૦૨૩ ગુરૂવારના રોજ ઈઈઝ કલપ રળીયાતી અને ગોધરારોડ ઈલેવન ફાઈનલ મેચ રમાઈ જેમાં ખિલાડીઓને મેચ રમતા પહેલા રાષ્ટગાન ગાઈને મેચની શરૂઆત કરી હતી જેમાં સાંસી સમાજના અગ્રણીઓ યુવાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જ્યાં આજરોજ યોજાયેલ ગોધરા રોડ અને વિકેશ કપ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં



ફાઈનલ ઈઈઝ કલપ રળીયાતી વિજેતા થઈ થયા હતા અને વિજય થયેલા વિજેતા ટિમને ૬ ફિટ ઉંચી ટ્રોફી સાંસી સમાજના અગ્રણીઓના હસ્તે આપવામાં આવતા લોકોમાં ઉત્સાહ જોવાં મળયોં હતો.

# માંડવી તાલુકાના આંબા ગામે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

### વિકસિત ભારત યાત્રા યોજનાકીય લાભોથી વંચિત રહેલા નાગરિકોને લાભાન્વિત કરવાનું માધ્યમ બની છે : આદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ

। માંડવી, તા.૨૯ ।

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોંચે તેવા આશયથી માંડવી તાલુકાના આંબા ગામે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' યોજાઈ હતી. સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતના નિર્માણની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ગ્રામીણ, ટ્રાઈબલ તાલુકામાં સરકારની યોજનાકીય સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા આદિવાસીઓના હિતને પ્રાધાન્ય આપ્યું છે. આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. જેનો લાભ લાખો આદિવાસી બંધુઓ લઈ રહ્યા છે, સરકાર દ્વારા આદિવાસી દિકરા-દીકરીઓને વિદેશ અભ્યાસ માટે ૧૫ લાખની લોન સહાય, ડોકટર બનવા માટે નાણાકીય સહાય, પાયલોટ બનવા માટે ૨૫ લાખની લોન સહાય ૪ ટકાના નજીવા વ્યાજદરે આપવામાં આવે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે,વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોચાડવા સરકાર કટિબધ્ધ છે. વિકસિત



ભારત યાત્રા યોજનાકીય લાભોથી વંચિત રહેલા નાગરિકોને લાભાન્વિત કરવાનું માધ્યમ બની છે. આયુષ્માન કાર્ડ થકી ૧૦ લાખ સુધીની કેશલેસ આરોગ્ય સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવી છે. સુરત જિલ્લામાં સિકલસેલ એનીમિયાના દર્દીઓને સારવાર માટે રૂ.૪૦ હજારની સહાય આપવામાં આવતી હોવાનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ છેવાડાના ગરીબ, મધ્યમવર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલ હોવાનો મત વ્યક્ત કરી સરકારની યોજનાઓનો બહોળો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ ભાવિનીબેન પટેલે જણાવ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી ગીરીબ મધ્યમવર્ગી વિસ્તારના લોકોને યોજનાકીય લાભો ઘરઆંગણે મળે એવો પણ આગવો હેતુ છે. ગામડાઓ-ગીરીબ મધ્યમવર્ગી છેવાડાના વિસ્તારોના સર્વાંગી વિકાસની નેમ સાથે ૨૨ જેટલી આદિજાતિ યોજનાઓના લાભો આપવાની ઝુંબેશ ચલાવવામાં આવી છે. વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટે સજ્જ બની યોગદાન આપવાનું તેમણે આહ્વાન કર્યું હતું.

# ગુજરાત અને બિહારના યુવાઓને જોડતો 'યુવા સંગમ-3' સમાપન સમારોહ યોજાયો

। સુરત, તા.૨૯ ।

'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના અભિયાન હેઠળ ભારતના રાજ્યો વચ્ચે રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ IIIT-સુરત અને IIM- બિહારના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'યુવા સંગમ- ૩' કાર્યક્રમ અન્વયે સુરતના મહેમાન બનેલા બિહારના ૪ ફેકલ્ટી અને ૪૨ યુવા પ્રતિનિધિઓ મળી ૪૬ અતિથિઓએ પાંચ દિવસ દરમિયાન સુરતની સંસ્કૃતિ, પર્યટન, પ્રૌદ્યોગિકી, પરસ્પર સંપર્ક થકી નવીન અનુભવની ઝાંખી કરી હતી.

આજરોજ વરાછા સરદાર સ્મૃતિ ભવન ખાતે 'યુવા સંગમ'નો સમાપન સમારોહ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, એક ભારત શ્રેષ્ઠ ભારતના અભિયાન હેઠળ આજે બિહાર અને ગુજરાતનો અનેરો સંગમ થયો છે. યુવાઓ વચ્ચે એકબીજાની સંસ્કૃતિ, પરંપરાના આદાન-પ્રદાન સાથે ભારત દેશની એકતા વધુ મજબુત બનશે. ઉપસ્થિત શાળાના વિધાર્થીઓને ભૌતિક-રીતે નહી પણ જ્ઞાનથી સમૃધ્ધ



બનાવાનો અનુરોધ કર્યો હતો. કોઈ ક્ષેત્રમાં આગળ વધવા માટે લક્ષ્યાંક નક્કી કરી તેને સિધ્ધ કરવા માટે અથાગ મહેનત કરવાની હિમાયત કરી હતી.

આ યુવા સંગમનો મુખ્ય ઉદ્દેશ વિભિન્ન સંસ્કૃતિ અને પરંપરાના આદાન-પ્રદાન દ્વારા લોક જોડાણને મજબૂત કરી દેશભરના યુવાનોમાં જાગૃતિ ઊભી કરી એક ભારત શ્રેષ્ઠ ભારતના અભિયાનને સાર્થક કરવાનો પ્રયાસ છે. યુવા સંગમ-ત્રીજા તબક્કાની ઉજવણી અંતર્ગત પાંચ દિવસ દરમિયાન યુવાઓએ સુરત ખાતેના ઐતિહાસિક કિલ્લો, સુરત મહાનગર પાલિકા સંચાલિત ICCC સેન્ટર, ડાયમંડ કંપનીઓ, સુમુલ ડેરીના પ્લાન્ટ, એપીએમસી સરદાર માર્કેટ, ડુમસ બીચ, ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ તથા કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગુજરાત વિધાનસભા, રાજભવનની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતનીઝાંખીકરાવતીસાંસ્કૃતિક કૃતિઓ સૌએ નિહાળી હતી.

# કપડવંજ તાલુકાના જગડુપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા

। આતરસુંબા, તા.૨૯ ।

કપડવંજ તાલુકાના જગડુપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનો દ્વારા ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ રાજેશભાઈ શર્મા આતરસુંબાએ પ્રસંગોચિત ઉદબોધન કરી સરકારની જન કલ્યાણકારી યોજનાઓની વિગતવાર માહિતી આપી, આત્મનિર્ભર અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌને સહિયારા પ્રયત્નો કરવા અનુરોધ કર્યો હતો.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન શાળાની બાલિકાઓ અને વિદ્યાર્થીઓ એ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાના લાભોનું વિતરણ કરી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ રાજેશભાઈ શર્મા આતરસુંબા, કપડવંજ તાલુકા ભાજપ



બક્ષીપંચ મોરચાના પ્રમુખ બાબુભાઈ પરમાર, પ્રદેશ અનુસૂચિત જાતિ મોર્ચાના સદસ્ય બુધાભાઈ ખડાયતા, પૂર્વ ઉપ પ્રમુખ ગુલાબસિંહ ઝાલા, સરપંચ બાબુભાઈ, પૂર્વ સરપંચ શૈલેષભાઈ ડાભી, કિસાન મોરચાના આગેવાન રાજુભાઈ, નોડેલ અધિકારી અંકિતભાઈ પટેલ, એન.જે. રાઠોડ, લાલાતેલીના સરપંચ બળવંતસિંહ, સરપંચ વિનોદભાઈ સહિતના મહાનુભાવો, અધિકારીઓ, ગામ આગેવાનો, લાભાર્થી ભાઈઓ બહેનો અને વ્હાલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર ખાતે ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી

# એસ. જે. હૈદરની અધ્યક્ષતામાં "વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪"ના લાયઝન ઓફિસરનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો




। ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩માં શરુ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી કડી આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન ગાંધીનગર ખાતે યોજાશે. "વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪"ને માત્ર ગણતરીના દિવસો જ બાકી હોવાથી આ ઈવેન્ટને સફળ બનાવવા રાજ્યમાં તડામાર તૈયારીઓ થઈ રહી છે, અને ગુજરાત સરકાર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જેના ઉપલક્ષ્યમાં મહાત્મા મંદિર ખાતે ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ. જે. હૈદરની અધ્યક્ષતામાં **VGGS-2024**ના લાયઝન ઓફિસરોનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. આ ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં સૌ લાયઝન ઓફિસરોને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીએ **VGGS-2024** વિશે માહિતગાર કર્યા હતા તેમજ એક આદર્શ લાયઝન ઓફિસર કેવો હોય તેના વિશે પણ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. **VGGS**માં આવતા ડેલીગેટ્સ ગુજરાતના માનવંતા મહેમાનો છે. તેઓ આ ત્રણ દિવસમાં 'અતિથી દેવો ભવ:'ની આપણી પરંપરાથી પરિચિત થાય અને ગુજરાતને જાણી અને માણી શકે તે પ્રકારનો અનુભવ પૂરો પાડવા સૌને અનુરોધ કર્યો હતો. **VGGS**ની અકોમોડેશન, ટ્રાન્સપોર્ટ અને પ્રોટોકોલ કમિટીના હેડ તેમજ ગુજરાત સરકારના પ્રવાસન સચિવ શ્રી હારિત શુક્લા દ્વારા પ્રેઝેન્ટેશન મારફત લાયઝન ઓફીસરોને ડેલીગેટ્સના રહેવાની વ્યવસ્થા, વાહન વ્યવસ્થા અને પ્રોટોકોલ અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

# ડાંગ જિલ્લામા "સ્વચ્છતા અભિયાન ૨૦૨૩" ની ઉજવણી અંતર્ગત બેસ્ટ કચેરી એવોર્ડ એનાયત કરાયા

। ગાંધીનગર, તા.૨૯ ।

સચિવાલયના વિભાગો, ગાંધીનગર ખાતે આવેલ ખાતાના વડાની કચેરીઓ તેમજ ક્ષેત્રિય કચેરીઓ દ્વારા સ્વચ્છતા, ફાઈલોનું ડિજિટલાઈઝેશન અને ડિસ્પોઝલ, કચેરીના બિનવપરાશી સામાનને દૂર કરી કાર્યસ્થળને સ્વચ્છ- સુંદર બનાવવા કરવામાં આવતી તમામ કામગીરીનું સંપૂર્ણ પ્રકારે નિરીક્ષણ કરી થયેલ કામગીરીને બિરદાવવામાં આવે તે હેતુસરનો રાજ્ય સરકાર દ્વારા કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

ડાંગ જિલ્લામા યોજાયેલ સ્વચ્છતા અભિયાનમા કુલ ૭૦ કચેરીઓએ ભાગ લિધો હતો. આ તમામ કચેરીઓમા સ્થળ વેરીફિકેશન કર્યા બાદ સ્વચ્છતા અંગેના નંબરો પસંદગી કરવામા આવ્યા હતા. જિલ્લાની સ્વચ્છતા કમીટીમા (૧) જિલ્લા કલેક્ટરશ્રી-અધ્યક્ષશ્રી (૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી-સભ્યશ્રી (૩) કાર્યપાલક ઈજનેર(માર્ગ અને મકાન વિભાગ)-સભ્યશ્રી અને (૪) નિવાસી અધિક કલેકટરશ્રી (RAC)-સભ્ય સચિવશ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ સમિતિઓએ કચેરીના રેકર્ડ વર્ગીકરણ અંગે કરેલ કાર્યવાહી, કચેરીના તુમાર નિકાલ ઝુંબેશ અંતર્ગત કરેલ કાર્યવાહી, દરેક વિભાગો/કચેરી પાસેથી નિકાલ થયેલી ભૌતિક ફાઈલો તેમજ બિનવપરાશી સામાન દૂર થવાથી ખાલી થયેલ જગ્યાની માહિતી, બિનવપરાશી વસ્તુઓના નિકાલના અંતે સરકારશ્રીમાં જમા કરાવેલ રકમનો સમાવેશ, કચેરીના બિન વપરાશી સામાનને દૂર કરી, કાર્યસ્થળને સ્વચ્છ-સુંદર બનાવવા કરેલ તમામ કાર્યોનો સમાવેશ, જૂની ગાડીઓને રદબાતલ કરી, કરેલ કાર્યવાહીનો/માહિતીનો સમાવેશ તેમજ નિકાલ કરેલ ઈ-વેસ્ટ અંગેની માહિતીનો સમાવેશ કરવામા આવ્યો હતો.

સરકાર દ્વારા સ્વચ્છતાના નક્કી કરેલ માપદંડ મુજબ જિલ્લાની સ્વચ્છ કચેરીઓમા પ્રથમ ક્રમાંક જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી આહવા, દ્વિતીય નંબરે પ્રાંત અધિકારીશ્રીની કચેરી, તેમજ તૃતીય નંબરે પ્રાયોજના વહિવટદાર શ્રીની કચેરીને સ્વચ્છતાના માપ દંડ આધારે પસંદગી કરવામા આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. મિત્રો સાથે સાંજ અથવા શૉપિંગ આનંદદાયક તથા ઉત્સાહજનક રહેશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. દિવસ ની શરૂઆત ભલે થોડી મંદ હોય પરંતુ જેમ જેમ દિવસ વધશે તમને સારા ફળ મળવા લાગશે?

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. આ તે દિવસ છે જ્યારે તમે તમારી જાત ને સમય આપવા માટે પ્રયત્નશીલ રહેશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. મફત સમય નો સંપૂર્ણ આનંદ માણવા માટે, તમારે લોકો થી દૂર થવું જોઈએ.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વાસ્થયની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો. તમારી હિંમત પ્રેમ અપાવશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે.

ન્યૂઝ બ્રિફ

## ન્યૂયોર્ક ટાઈમ્સે માઈક્રોસોફ્ટ કંપની પર કેસ દાખલ કર્યો

। વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકી અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) મોડેલ ચેટજીપીટીબનાવનાર કંપની ઓપનએઆઈઅને તેની ૪૯ ટકાની ભાગીદારી ધરાવતી માઈક્રોસોફ્ટ કંપની પર કેસ દાખલ કર્યો છે. બંને પર આરોપ મૂકાયો છે કે તેમણે અખબારોના લાખો સમાચાર અને લેખનો મફત ઉપયોગ કરી તેમના એઆઈચેટબોટ મોડેલને વિકસાવ્યું છે. એવું મનાય છે કે ન્યુયોર્ક ટાઈમ્સ તેના કન્ટેન્ટની ચોરી બદલ ઓપનએઆઈઅને માઈક્રોસોફ્ટ પર હજારો કરોડનો દાવો ઠોકી શકે છે. ઓપનએઆઈસામે અમેરિકામાં પહેલીવાર એક મોટા અખબારે આ કોપીરાઈટ કેસ દાખલ કર્યો છે. મેનહટ્ટનની સંઘીય કોર્ટમાં આ કેસ ફાઈલ કરાયો હતો. જેમાં દાવો કરાયો છે કે અમે ભારે ખર્ચો કરીને વાંચકો માટે કન્ટેન્ટ બનાવીએ છીએ પણ ઓપનએઆઈઅને માઈક્રોસોફ્ટ તેનો ઉપયોગ નફો રળવા માટે કરે છે. આ સાથે અખબારના વાંચકો પણ ઘટી રહ્યા છે.

## મૈને રાજ્યએ ટ્રમ્પને રાષ્ટ્રપતિની ચૂંટણી માટે અયોગ્ય જાહેર કર્યા

। વોશિંગ્ટન, તા.૨૯ ।

કોલોરાડો બાદ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મૈને રાજ્યમાં પણ મોટો ઝટકો લાગ્યો છે. મૈનેના ટોચના ચૂંટણી અધિકારીએ આગામી વર્ષે યોજાનાર રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે રાજ્યના પ્રાયમરી બેલેટથી અયોગ્ય જાહેર કરી દીધા છે. મૈને એ બીજું રાજ્ય છે જેણે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ અમેરિકી કેપિટોલ પરના હુમલામાં ટ્રમ્પની કથિત ભૂમિકા બદલ તેમના પર ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. મૈનેના સેક્રેટરી ઓફ સ્ટેટ શેનાઈ બેલોસે આ મામલે કહ્યું કે ૨૦૨૪માં રિપબ્લિકન પાર્ટી વતી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના મુખ્ય ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૦માં છેતરપિંડી મામલે જુઠ્ઠાં દાવા ફેલાવીને વિદ્રોહ ભડકાવ્યો અને પછી પોતાના સમર્થકોને સાંસદો વોટ પ્રમાણિત કરવાથી રોકવા માટે અમેરિકી કેપિટલ પર કૂચ કરવા આગ્રહ કર્યો. ટ્રમ્પ પર આ કાર્યવાહી અમેરિકી બંધારણની વિદ્રોહ કલમ હેઠળ કરાઈ છે. આ નિર્ણય ત્યારે સામે આવ્યો જ્યારે મૈનેના પૂર્વ સાંસદોના એક સમૂહે માગ કરી હતી કે ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકી બંધારણની એ જોગવાઈના આધારે અયોગ્ય જાહેર કરવામાં આવે જે લોકોને અમેરિકામાં કોઈ બંધારણીય પદની શપથ લીધા બાદ વિદ્રોહ કે વિદ્રોહમાં સામેલ થવા પર ફરીવાર આ પદ પર સંભાળતા રોકે છે.

### ISROએ વધુ એક મોટા પ્રોજેક્ટ પર કામ શરૂ કરી દીધું છે

# ભારત આગામી પાંચ વર્ષમાં ૫૦ સેટેલાઇટ મોકલવામાં આવશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

વિજ્ઞાનની દુનિયામાં ભારત સતત આગળ વધી રહ્યું છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ વધુ એક મોટા પ્રોજેક્ટ પર કામ શરૂ કરી દીધું છે. વાસ્તવમાં ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથે ગુરુવારે (૨૮ ડિસેમ્બર) કહ્યું હતું કે ભારત ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે આગામી પાંચ વર્ષમાં ૫૦ ઉપગ્રહો લોન્ચ કરવાનું લક્ષ્ય ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે, આમાં સૈનિકોની હિલચાલ પર નજર રાખવાની અને હજારો કિલોમીટરના વિસ્તારની તસવીરો લેવાની ક્ષમતા સાથે વિવિધ ભ્રમણકક્ષામાં ઉપગ્રહોના સ્તરની રચનાનો સમાવેશ થશે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) બોમ્બેની વાર્ષિક વિજ્ઞાન અને તકનીકી ઈવેન્ટ ટેકફેસ્ટને સંબોધતા સોમનાથે જણાવ્યું હતું કે ફેરફારોની જાણકારી મેળવવા, ડેટાનું વિશ્લેષણ કરવા, AI-સંબંધિત અને ડેટા આધારિત પ્રયત્નો કરવા માટે ઉપગ્રહોની ક્ષમતાને વધારવી મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે એક મજબૂત રાષ્ટ્ર બનવાના ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે તેના ઉપગ્રહ કાફલાનું વર્તમાન કદ પૂરતું નથી અને તે "આજે છે તેના કરતા દસ ગણું" હોવું જોઈએ. તેમણે કહ્યું કે સ્પેસશીપ દેશની સરહદો અને પડોશી વિસ્તારો પર નજર રાખવામાં સક્ષમ છે. ઈસરોના વડા સોમનાથે જણાવ્યું હતું કે, અમે આગામી પાંચ વર્ષમાં ૫૦ ઉપગ્રહોને આખરી સ્વરૂપ આપવા માટે એસેમ્બલ કર્યા છે અને તેને આગામી પાંચ વર્ષથી વધુ સમયમાં આ વિશેષ ભૌગોલિક-ઈન્ટેલિજન્સ કલેક્શનની સહાય કરવા મામલે ભારત માટે મોકલવવામાં આવી રહ્યા છે. જો ભારત આ સ્તર પર સેટેલાઈટ મોકલી શકે છે તો દેશ સામે આવનારા ખતરાને સારી રીતે ઘટાડી શકાય છે. બીજી તરફ ભારતનું સૌર મિશન તેના સૌથી મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર પહોંચી ગયું છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના વડા એસ સોમનાથે ગુરુવારે આદિત્ય L1 મિશન પર એક મોટું અપડેટ આપ્યું હતું.

### પરિવારના લોકો ગંભીર બીમારીથી પીડાતા હતા

# કર્ણાટકના એક મકાનમાંથી પાંચ લોકોના કંકાલ મળ્યા

## પરિવાર સંપૂર્ણપણે એકાંત જીવન જીવતો હતો અને તમામ લોકો છેલ્લે જુલાઈ ૨૦૧૯ની આસપાસ જોવા મળ્યા હતા

। બેંગલુરૂ, તા.૨૯ ।

કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લામાં એક જર્જરિત મકાનમાંથી એક જ પરિવારના ૫ લોકોના માનવ કંકાલ મળી આવ્યા હતા, પોલીસના જણાવ્યા અનુસાર પરિવારના લોકો ગંભીર બીમારીથી પીડાતા હતા. તમામ છેલ્લે ૨૦૧૯માં જોવા મળ્યા હતા. આ અંગે સંબંધીઓએ પોલીસને આપેલા નિવેદન મુજબ પરિવાર સંપૂર્ણપણે એકાંત જીવન જીવતો હતો અને તમામ લોકો છેલ્લે જુલાઈ ૨૦૧૯ની આસપાસ જોવા મળ્યા હતા, આ પછી તેમનું ઘર બંધ જોવા મળતું હતું. લગભગ બે મહિના પહેલા સ્થાનિક લોકોએ સવારના સમયે જોયું કે લાકડાનો મેઈન દરવાજો તૂટી ગયો હતો, તેમ છતાં કોઈએ પોલીસને જાણ કરવામાં આવી ન હતી. ઘટનાસ્થળની વધુ તપાસ કરતા ઘરની અંદર તોડફોડના સંકેત મળ્યા હતા. આ અંગેની પોલીસને માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘરની અંદર તપાસ કરતા તેમને એક રૂમમાં બે બેડ પર અને બે ફ્લોર પર એમ ચાર માનવ કંકાલ મળ્યા હતા, જ્યારે બીજા રૂમમાંથી વધુ એક માનવ કંકાલ મળી આવ્યું હતું. આ પછી દાવંગેરેથી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ) ટીમ અને સીન ઓફ ક્રાઈમ ઓફિસર્સ (એસઓસીઓએસ)ને પુરાવા એકત્રિત કરવા માટે બોલાવ્યા બાદ ઘરની આસપાસ સુરક્ષા કડક કરવામાં આવી હતી. આ મામલે પરિચિતો, સંબંધીઓ અને કૌટુંબિકના નિવેદનોના મૂલ્યાંકન અનુસાર, આ માનવ કંકાલ એક વૃદ્ધ દંપતી, તેમના વૃદ્ધ પુત્ર અને પુત્રી અને તેમના ૫૭ વર્ષીય પૌત્રના હોવાની શંકા હતી.



બિહાર ભાજપના પ્રમુખ સમ્રાટ ચૌધરી જેડીયુના પૂર્વ મહાસચિવ પ્રગતિ મહેતા સાથે પટનામાં ભાજપમાં જોડાયા હતાં.

### યુદ્ધગ્રસ્ત પેલેસ્ટિનિયન વિસ્તારની ચકચારી ઘટના

## પાંચ કિ.મી ચાલીને હોસ્પિટલ પહોંચેલી ગર્ભવતીએ ૪ બાળકને જન્મ આપ્યો

### ૨૮ વર્ષીય મહિલાએ ૧૮ ડિસેમ્બરે બે પુત્રીઓ ટિયા અને લિન, બે પુત્ર યાસર અને મોહમ્મદને જન્મ આપ્યો

। જેરુસલેમ, તા.૨૯ ।

યુદ્ધગ્રસ્ત પેલેસ્ટિનિયન વિસ્તારના ઉત્તરમાં એક ગર્ભવતી મહિલાએ ૪ બાળકોને જન્મ આપ્યો છે. આ મહિલા લગભગ ૫ કિલોમીટર સુધી પગપાળા ચાલીને હોસ્પિટલ પહોંચી અને સ્વસ્થ બાળકોને જન્મ આપ્યો. રિપોર્ટ અનુસાર ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ આ મહિલા પોતાના ૩ બાળકોની સાથે બેત હાનૂન સ્થિત પોતાના ઘરે નીકળી ગઈ અને પગપાળા જ સુરક્ષિત સ્થળ શોધીને રહેવા લાગી. ગર્ભવતી મહિલા જ્યારે બાળકોને જન્મ આપવા નજીક પહોંચી તો તે પગપાળા જ ૫ કિલોમીટર ચાલીને હોસ્પિટલ પહોંચી અને સ્વસ્થ બાળકને જન્મ આપ્યો છે. મહિલાનું નામ ઈમાન છે તેણે જણાવ્યુ કે આ અંતર ખૂબ લાંબુ હતુ અને ખૂબ તકલીફ પણ થઈ. તેનાથી મારી ગર્ભાવસ્થાને અસર થઈ. ૨૮ વર્ષીય મહિલાએ જણાવ્યુ કે તેણે ૧૮ ડિસેમ્બરે બે પુત્રીઓ ટિયા અને લિન, બે પુત્ર યાસર અને મોહમ્મદને જન્મ આપ્યો છે પરંતુ ઈમાનને તાત્કાલિક નવજાત શિશુઓ સાથે હોસ્પિટલછોડવામાટેકહેવામાંઆવ્યુ.મહિલાએજણાવ્યુકેએક પુત્રની હાલત થોડી ખરાબ છે તેથી તે જવા માટે તૈયાર ન થઈ પરંતુ યુદ્ધના કારણે હોસ્પિટલ પહોંચનાર બીમાર લોકોની સંખ્યા ખૂબ વધુ છે. સંયુક્ત રાષ્ટ્રએ સતત ઈઝરાયલી હવાઈ હુમલા પર ચિંતા વ્યક્ત કરી અને ડચ મંત્રીને ગાઝા માટે પોતાની તરફથી હ્યુમન કંવેનર જાહેર કર્યા છે. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર કાર્યાલયે ટ્વીટર પર પોસ્ટ કરી કે અમે ઈઝરાયલી દળ દ્વારા ગાઝા પર જારી બોમ્બ બ્લાસ્ટ વિશે ગંભીરરીતે ચિંતિત છીએ. ગત ૭ ઓક્ટોબરે સરહદ પાર કરીને હમાસે ઈઝરાયલી શહેરોમાં ૧,૨૦૦ લોકોની હત્યા કરી દીધી અને લગભગ ૨૪૦ લોકોને બંધક બનાવ્યા. જે બાદ ઈઝરાયલ ૭ ઓક્ટોબરથી જ ગાઝા પર બોમ્બ બ્લાસ્ટ કરી રહ્યુ છે. ગાઝામાં ઈઝરાયલના જવાબી હુમલામાં અત્યાર સુધી લગભગ ૨૧,૦૦૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે.

# એક જાન્યુઆરીથી કેનેડામાં અભ્યાસ કરવાનો ખર્ચ વધી જશે

### સ્ટુડન્ટે પોતાની પાસે ૨૦૬૦૦ ડોલરથી વધારે નાણાકીય ક્ષમતા દેખાડવી પડશે, આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે બીજા ખર્ચ તો ઉભા જ છે

। નવી દિલ્હી, તા.૨૯ ।

કેનેડામાં વર્ષ ૨૦૨૪થી કેટલાક નવા નિયમો લાગુ થવાના છે જેના કારણે ભારત સહિતના તમામ ફોરેન સ્ટુડન્ટ્સ માટે કેનેડામાં ભણવાનો ખર્ચ વધી જવાનો છે. એક તરફ કેનેડા પોતાને હાયર એજ્યુકેશન માટે આકર્ષક સ્થળ બનાવવા માટે જુદા જુદા પગલાં લે છે. બીજી તરફ અહીં ભણવા આવનારા સ્ટુડન્ટ નાણાકીય રીતે સદ્ધર હોય તે વાતની પણ કાળજી રાખે છે. તાજેતરમાં ટાઈમ્સ હાયર એજ્યુકેશન અને ઊજીમાં કેનેડિયન યુનિવર્સિટીઓએ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

કેનેડામાં ઉચ્ચ અભ્યાસ માટે આવતા તમામ વિદ્યાર્થીઓએ પહેલી જાન્યુઆરી, ૨૦૨૪થી નાણાકીય રીતે વધારે સક્ષમ બનવું પડશે. તેનું કારણ છે કે હવે મિનિમમ કોસ્ટ ઓફ લિવિંગ માટે સ્ટુડન્ટે પોતાની પાસે ૨૦,૬૩૫ કેનેડિયન ડોલરની મૂડી દેખાડવી



પડશે. અગાઉ માત્ર ૧૦,૦૦૦ ડોલરથી કામ ચાલી જતું હતું. કેનેડા ભણવા આવતા વિદ્યાર્થીઓ પોતાનો તમામ ખર્ચ ઉઠાવવા સક્ષમ છે તેની ખાતરી કરવા માટે આ રકમ બમણી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં કેનેડાએ સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમની જાહેરાત કરી હતી. આ એક ફાસ્ટ ટ્રેક વિઝા પ્રોસેસિંગ પ્રોગ્રામ છે જે ખાસ કરીને ભારત, ચીન, ફિલિપાઈન્સ અને વિયેતનામના સ્ટુડન્ટને ઝડપથી વિઝા અપાવવા માટે છે. સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમમાં પાસ થવા માટે વિદ્યાર્થી પાસે પોસ્ટ સેકન્ડરી ડેઝિગ્નેટેડ સંસ્થાનું એક્સેપ્ટન્સ લેટર, પ્રથમ વર્ષની ટ્યુશન ફી ભરી હોવાનો પૂરાવો અને ગેરંટેડ ઈન્વેસ્ટમેન્ટ સર્ટિફિકેટ રજુ કરવા પડે છે. આ પ્રોગ્રામના કારણે વિઝાની પ્રક્રિયા સરળ બની જાય છે અને ભારતીય સ્ટુડન્ટે ઓછા સમય માટે રાહ જોવી પડે છે. કેનેડાએ તાજેતરમાં જે નિયમોમાં ફેરફાર કર્યો છે તેના કારણે વિદ્યાર્થીઓને ફ્રોડ સામે રક્ષણ મળી શકશે. સ્ટુડન્ટને છેતરપિંડીથી બચાવવા માટે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ પ્રોગ્રામમાં ફેરફાર સૂચવવામાં આવ્યા છે. તે મુજબ હવે દરેક વિદ્યાર્થીનું ખાસ વેરિફિકેશન કરવામાં આવશે. તેમની પાસેના લેટર ઓફ એક્સેપ્ટન્સ પણ ચકાસવામાં આવશે અને તેઓ માન્યતાપ્રાપ્ત કોલેજમાં જ ભણે છે તે વાતની ખાતરી કરવામાં આવશે.

**વિશેષ** વ્યારા તાલુકાના વડકુઇ ખાતે પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

# સરકારશ્રીની અનેક યોજનાના લાભો ડીબીટી મારફત સીધા બેંકમાં જમા કરાતા નાગરિકોને વચેટીયાઓથી દુર કરવાનું પ્રસંશનિય કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કરાયું છે : મુકેશભાઈ પટેલ

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠો વિભાગ તેમજ તાપી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે વ્યારા તાલુકાના વડકુઇ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા એટલે મોદીજીની ગેરંટી વાડી ગાડી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબોના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત બેંકો દ્વારા ઘરે ઘરે જઈ નાગરિકોના બેંકના ખાતા ખોલાવ્યા છે. જેથી આજે દરેક નાગરિક બેંક અને ટેકનોલોજીથી અવગત થયા અને સરકારશ્રીની અનેક યોજનાના લાભો ડીબીટી મારફત બેંક ખાતામાં મોકલતા વચેટીયાઓથી નાગરિકોને દુર કરવાનું પ્રસંશનિય કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કરાયું છે.

મંત્રીશ્રીએ વિશ્વની સૌથી મોટી યોજના આયુષ્માન ભારત કાર્ડ થકી નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે. એમ જણાવી વડકુઇ ગામમાં ૯૫ ટકા લોકોના આયુષ્માન ભારત કાર્ડ બની ગયા છે બાકી રહેલા નાગરિકોને આજની યાત્રામાં આ કાર્ડ બનાવી લેવા અનુરોધ કર્યો હતો. આ સાથે પ્રધાનમંત્રી અન્ન કલ્યાણ યોજના અંતર્ગત દેશની ૮૦ કરોડ જનતાને ૨૦૨૮ સુધી નિ:શુલ્ક અનાજનો લાભ આપવાના છે






એમ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ ગ્રામજનોને પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા અને પ્લાસ્ટીકની જગ્યાએ કાપડની થેલીનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે વહિવટી તંત્ર દ્વારા પહેલી વાર સુચના અપાશે, બીજી વાર દંડ થશે અને ત્રીજીવાર દુકાન બંધ થશે એમ રમુજી પરંતુ મહત્વપુર્ણ સુચના ગામના દુકાનદારોને આપી હતી.

મંત્રીશ્રીએ આયુષ્માન ભારત કાર્ડ, ઉજ્જ્વલા યોજના, વિધવા સહાય યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કરી યોજનાના લાભ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. તથા લાભાર્થીઓ દ્વારા રજુ કરેલ પ્રશ્નો અંગે ત્વરીત નિરાકરણ કરી વિવિધ યોજનાનો લાભ અપાવવા ટીડીઓશ્રી, તલાટી તથા પદાધિકારીઓને સુચના આપી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ વડાપ્રધાનશ્રીના ઉદબોધનની શોર્ટ ફિલ્મ નિહાળી હતી. આ સાથે 'મેરી કહાની મેરી ઝુબાની' અંતર્ગત વિવિધ યોજનાના લાભાર્થીઓએ પોતાની સાફલ્યગાથા વર્ણવી હતી. ઉપરાંત મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને સાધન સહાય, ચેક તથા કિટ વિતરણ કરી લાભાન્વિત કરવામાં આવ્યા હતા. પોતાના ક્ષેત્રમાં સારી કામગીરી કરનાર મહિલાઓને,બાળકોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ વિકસિત ભારત અંગેની શપથ ગ્રહણ કરી હતી. કાર્યક્રમમાં વિવિધ યોજનાના સ્ટોલ તથા મેડિલક હેલ્થ કેમ્પનું સુદ્રઢ આયોજન જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. ડ્રોન દ્વારા નેનો યુરિયાના છંટકાવનું નિદર્શન પણ કરાયું હતું. આ પ્રસંગે પ્રાથમિક શાળા વડકૂઈની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના ગીત તથા મનમોહક સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતું. તથા સખી મંડળની બહેનો દ્વારા 'ધરતી કહે પુકાર કે' થીમ અંતર્ગત પ્રાકૃતિક ખેતી અપનાવવા અને રાસાયણિયક ખાતરનો ઉપયોગ ટાળવા સંદેશ પાઠવ્યો હતો.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણી, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ.વિપિન ગર્ગ, પ્રયોજના વહિવટદારશ્રી રામનિવાસ બુગાલીયા, વિવિધ સમિતિઓના સદસ્યો, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, વિવિધ ગ્રામપંચાયતના સરપંચશ્રીઓ, તેમજ સંબધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ગામીતે કર્યું હતું.

### રાજકોટમાં દીપડાથી લોકોની સુરક્ષા માટે મોટો નિર્ણય

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને આસપાસનાં વિસ્તારમાં પ્રતિબંધ જાહેર કરાયો




। રાજકોટ, તા.૨૯ ।

રાજકોટમાં દીપડાથી લોકોની સુરક્ષા માટે વન વિભાગ દ્વારા મહત્વ પૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને આસપાસનાં વિસ્તારમાં પ્રતિબંધ જાહેર કરાયો છે. તેમજ હાલ શિયાળાની સીઝન ચાલતી હોઈ લોકો વહેલી સવારે તેમજ રાત્રે જોગિંક કરવા નીકળતા હોઈ જોગિંગ કરવા પર પણ પ્રતિબંધ જાહેર કરાયો છે. તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અંધારૂ હોય તો કેમ્પસમાં જવા પર પણ વન વિભાગ દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમજ યુનિવર્સિટીનાં અલગ અલગ રસ્તા પર બેરીકેડ પણ મૂકવામાં આવ્યા છે. દીપડો પકડાય નહી ત્યાં સુધી પ્રતિબંધ લાગુ રહેશે. તેમ જાણવા મળી રહ્યું છે.

દીપડાને લઈ રાજકોટવાસીઓને વન વિભાગનાં અધિકારી એસ. ટી.કોટડિયાએ જણાવ્યું હતું કે, મુંજકા, કણકોટ, વગુડળ અને કૃષ્ણનગર વિસ્તારમાં દિપડો જોવા મળ્યો હતો. વન વિભાગ દ્વારા ત્રણ અલગ અલગ જગ્યાએ પાંજરૂ મુકવામાં આવ્યું છે. દિપડાએ સોમવારે રાત્રે મારણ કર્યું હોવાનું સામે આવ્યું છે. શિયાળાની ઋતુમાં વન્ય પ્રાણીઓની અવર જવર વધુ હોય છે. જંગલ વિસ્તારમાંથી વન્ય પ્રાણીઓ બહાર નીકળે છે. દિપડાની ફૂટ પ્રિન્ટ પરથી અંદાજીત ઉંમર ૩ થી ૪ વર્ષનો હોઈ શકે છે. હજુ માનવ પર હુમલાની ઘટનાં સામે આવી નથી. દીપડાને પાંજરામાં મૂકી પકડવાનો પ્રયાસ હાલ કરવામાં આવી રહ્યો છે. રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નજીક દીપડો દેખાયો હતો. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની પાછળ દીપડો દેખાયાની શંકાના પગલે વન વિભાગે તપાસ આદરી હતી. જો કે, તે સમય શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી ન હતી. જો કે, તકેદારીના ભાગરૂપે ફોરેસ્ટ વિભાગે બંદોબસ્ત ગોઠવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. મહત્વનું છે કે રાજકોટ યુનિવર્સિટીનું કેમ્પસ ૪૦૦ એકરમાં ફેલાયેલું છે. તેમજ કેમ્પસનો મોટા ભાગનો વિસ્તાર જંગલ હોઈ વન વિભાગ દ્વારા દીપડો પકડાય નહી ત્યાં સુધી યુનિવર્સિટી કેમ્પમાં વહેલી સવારે પ્રતિબંધ ફરમાવ્યો છે.

### સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યુ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ફ્લાવર શોનો આજે શુભારંભ કરશે

**દેશ વિદેશના ૧૫૦ થી વધુ પ્રજાતિઓના ૭ લાખથી વધારે રોપાઓની મજા મુલાકાતીઓ માણી શકશે**

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યુ છે. ૩૦ ડિસેમ્બરે ફ્લાવર શોને મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ શુભારંભ કરાવશે. AMCના હોદ્દેદારો અને અધિકારીઓએ આયોજન સ્થળની મુલાકાત લીધી હતી. દેશ વિદેશના ૧૫૦ થી વધુ પ્રજાતિઓના ૭ લાખથી વધારે રોપાઓની મજા મુલાકાતીઓ માણી શકશે. શનિવારે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ ફ્લાવર શોને ખુલ્લો મુકનાર છે. રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યુ છે. જ્યાં મીલેટ્સ વર્ષ, આત્મનિર્ભર ભારત, મહિલા સશક્તિકરણ સહિતની થીમ



ઉપર ફૂલોથી સ્કલ્પ્ચર તૈયાર કરવામાં આવ્યા છે. આયોજન પર એક નજર, ૧૦ માં ફ્લાવર શોનો આવતીકાલે ૩૦ ડિસેમ્બરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે થશે શુભારંભ, AMCના હોદ્દેદારો અને અધિકારીઓએ લીધી આયોજન સ્થળની મુલાકાત, આત્મનિર્ભર ભારત, મીલેટ્સ વર્ષ, મહિલા સશક્તિકરણ સહિતની થીમ ઉપર તૈયાર કરાયા ફૂલોથી બનેલા સ્કલ્પ્ચર, મીલેટ્સ વર્ષની ઉજવણી હેઠળ ફ્લાવર શો સમયે ફૂડ સ્ટોલમાં મહત્તમ મીલેટ્સ આઈટમ રાખવામાં આવશે, ૧૫૦ થી વધુ પ્રજાતિના ૭ લાખથી વધુ રોપાઓની મજા મુલાકાતીઓ માણી શકશે, પીટૂનીયા, ડાયંથસ, સેવંતી, ગજેનિયા, બીગુનિયા, એસ્ટર, મેરીગોલ્ડ , કેક્ટસ, ઓર્ચિડ, લીલી, ગુલાબ સહિતની પ્રજાતિઓના છોડ રોપા જોવા મળશે, નવા સંસદભવન, વડનગર તોરણ, ચંદ્રયાન, સરદાર પટેલ ઉપરાંત પશુ પક્ષીઓના ફૂલોથી બનેલા સ્કલ્પ્ચર રહેશે મુખ્ય આકર્ષણ, સોમથી શુક્ર ૧૨ વર્ષથી ઉપરના માટે રૂ.૫૦ અને શનિ રવિ માટે રૂ.૭૫ પ્રવેશ ફી રાખવામાં આવશે, AMC ના તમામ સિવિક સેન્ટર પરથી ટિકિટ મેળવી શકાશે.

### ચાઈનીઝ દોરીના કારણે ઘટના બની

# રાજકોટમાં ચાઈનીઝ દોરીથી પરિવારના મોભીનું ગળું કપાયું

। રાજકોટ, તા.૨૯ ।

પોતાની મજા માટે બીજાને સજા દેવાની જરૂર નથી. આ શબ્દો ચાઈનીઝ દોરીનો ભોગ બનેલા પીડિત પરિવારના સભ્યોના છે. જી હા, ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે. ત્યારે બધા પતંગની દોરી ખરીદી રહ્યા છે. લોકોને અપીલ છે કે, ચાઈનીઝ દોરીની ખરીદી કરવી જોઈએ નહીં. ચાઈનિઝ દોરીનો ભોગ પક્ષીઓ, માણસ બને છે. ગળા કપાઈ જવાના કારણે મોતને ભેટે છે. તેમજ લોકો ઘાયલ થઈ જાય છે. કેટલીક વખત આ ઈજા એટલી ગંભીર હોય છે કે, જીવનભર વ્યક્તિ લાચાર બની જાય છે. રાજકોટના કાલાવડ રોડ ઉપર રહેતા ભરતભાઈ વલ્લભભાઈ વાજા(ઉં.વ.૪૦) ચાઈનીઝ દોરીનો ભોગ બન્યાં હતા. ભરતભાઈએ ગળાના ભાગે ઈજા



પહોંચી હતી. ઈજાના કારણે ગળામાં ૧૨ જેટલા ટાંકા આવ્યાં હતાં. પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. ગળાના ભાગે ઈજા થતા ભરતભાઈના પરિવારના સભ્યો ચિંતાગ્રસ્ત થઈ ગયા હતા. જોકે સદનસીબે મોટી જાનહાનિ થઈ ન હતી. ઉત્તરાયણ પહેલા જ લોકો ચાઈનીઝ દોરીનો ભોગ બની રહ્યા છે. ભરતભાઈ વાજાનાં ભાઈ ધર્મેન્દ્રભાઈ વાજાએ જણાવ્યું હતું કે, ભરતભાઈ અમારા પરિવારનાં મોભી છે. કમાનાર વ્યક્તિ છે.

### વર્ગ ૩ના કર્મચારી માટે મહત્વના સમાચાર

# આગામી ૧૫ દિવસમાં જ રાજ્યમાં વર્ગ ૩ના કર્મચારીઓની ભરતી કરાશે

**હેડક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત વિવિધ ૨૧ સંવર્ગની ભરતી માટે મુખ્ય લેખિત પરીક્ષા લેવામાં આવે તેવો પણ નિર્ણય કરવામાં આવ્યો**

। ગાંધીનગર, તા.૨૯ ।

નવા વર્ષની શુભ શરૂઆત પહેલા જ ગુજરાતમાં ભરતીને લઈ મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. મળતી માહિતી અનુસાર, રાજ્યમાં આગામી ૧૫ દિવસમાં જ વર્ગ ૩ની ૫ હજાર જગ્યાઓ ભરવા માટે ભરતી બહાર પડાશે. વર્ગ ૩ના ૫ હજાર કર્મચારીની રાજ્યમાં ભરતી કરાશે. આ અંગે ઉત્તરાયણ પહેલાં જ ગુડ ન્યુઝ મળશે. ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલ દ્વારા આ અંગેનું એલાન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બીજી બાજુ વર્ગ ૩ની ભરતી માટે સરકારે નિયમોમાં પણ કેટલાંક ફેરફાર કર્યા છે. જેમ કે, હવેથી જૂનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા MCQ પદ્ધતિથી લેવામાં આવશે. વધુમાં હેડક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત વિવિધ ૨૧ સંવર્ગની ભરતી માટે મુખ્ય લેખિત પરીક્ષા લેવામાં આવે તેવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સત્તાવાર રીતે નોટિફિકેશન બહાર પાડી જણાવવામાં આવ્યું છે.

# ભુજ-સાબરમતી અને અમદાવાદ-ઓખા સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તૃતિકરણ

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને તેમની માગણી પૂરી કરવાના હેતુસર ભુજ-સાબરમતી સ્પેશિયલ અને અમદાવાદ-ઓખા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા ૧૫-૦૧-૨૦૨૪ સુધી ખાસ ભાડું લઈને વિસ્તૃતિકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગત નીચે મુજબ છે :

૧. ટ્રેન નંબર ૦૯૪૩૫ અમદાવાદ-ઓખા સાપ્તાહિત સ્પેશિયલ પહેલા ૩૦-૧૨-૨૦૨૩ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી તેને હવે ૧૫-૦૧-૨૦૨૪ સુધી લંભાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૩૬ ઓખા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિય જે પહેલાં ૩૧-૧૨-૨૦૨૩ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૧૬-૦૧-૨૦૨૪ સુધી લંભાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૪૫૫ સાબરમતી-ભુજ સ્પેશિયલ જેને પહેલાં ૩૧-૧૨-૨૦૨૩ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૧૫-૦૧-૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-સાબરમતી સ્પેશિયલ જેને પહેલા ૩૧-૧૨-૨૦૨૩ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી તેને હવે ૧૫-૦૧-૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૪૩૫, ૦૯૪૩૬, ૦૯૪૫૫ અને ૦૯૪૫૬ ના વિસ્તૃત ફેરાઓનું બુકિંગ ૩૦-૧૨-૨૦૨૩ થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર થશે. ટ્રેનોના રોકાણનો સમય અને સંરચના અંગેની વિગતવાર જાણકારી માટે અહીં આપેલી વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને તપાસ કરી શકો છો.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..
MERRYLAND
Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર
રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૦૧-૦૧-૨૦૨૪થી શરૂ
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચું AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)
સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્ક્વેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com
રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨